સુવિચાર
આકાશમાં નાખે તો ઊડવાનું, દરિયામાં નાખે તો તરવાનું, અને જમીનમાં દાટે તો ઊગવાનું
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૧૬ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૫/૦૮/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

# અમરેલી એક્સપ્રેસ

www.amreliexpress.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર
E-Mail : amreliexpress7@gmail.com
15TH August Independence Day
India 15th August INDEPENDENCE DAY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ શ્રાવણ વદ-૭ વર્ષ : ૧૬ અંક : ૨૧૦

SINCE 1999
હરિૐ
PENDAWALA
બટેકા ચિપ્સ / સ્ટીક
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

## ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગુપ્ત માહિતી અને ટેકનિકલ સુત્રોનાં આધારે

# અમરેલીમાંથી વ્હેલ માછલીની ઉલ્ટી (એમ્બરગ્રીસ) ઝડપી લેવાઈ

### રૂપિયા ૨.૯૧ કરોડની કિંમતની ઉલ્ટી સાથે ૨ ઈસમોની અટકાયત કરાઈ

### ગોપનાથનાં દરિયા કિનારે માચ્છીમારી દરમિયાન પદાર્થ મળ્યાનું બહાર આવ્યું

### વ્હેલ માછલીની ઉલ્ટીની કિંમત વધારે મળશે તેમ માનીને આરોપીઓ વેચાણ કરવા આવ્યા

### એમ્બરગ્રીસનો ઉપયોગ પરફ્યુમ બનાવવા માટે થતો હોવાનું અનુમાન

અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લાના સ્થાનિક ગુના શાખા (એલ.સી.બી.) દ્વારા ગુપ્ત માહિતી અને ટેકનિકલ સૂત્રો આધારિત અભિયાનમાં બે શંકાસ્પદ વ્યકિતઓને વ્હેલ માછલીની ઉલ્ટી તરીકે ઓળખાતા એમ્બરગ્રીસના મુદ્દામાલ સાથે ઝડપવામાં આવ્યા છે. પકડાયેલા મુદ્દામાલની બજાર કિંમત આશરે રૂા. ૨,૯૧,૦૦,૦૦૦ (બે કરોડ એકાણુ લાખ રૂપિયા) જેટલી હોવાનું જાણવા મળ્યું છે.



**કેવી રીતે મળી માહિતી**

એલ.સી.બી.ની ટીમને ગુપ્ત બાતમી મળી કે તળાજા તાલુકાના બે વ્યકિતઓ વ્હેલ માછલીની ઉલ્ટી વેચવા માટે ગ્રાહક શોધી રહ્યા છે. તરત જ ટીમે યોજના બનાવી, ટેકનિકલ સર્વેલન્સ શરૂ કર્યું અને બંને શખ્સોની હલચલ પર નજર રાખી. વિસનીય પુરાવા મળતાં જ એલ.સી.બી.ની ટીમે સ્થળ પર દરોડો પાડી બંનેને મુદ્દામાલ સાથે ઝડપી લીધા.

**પકડાયેલા આરોપીઓ**

(૧) કીશનભાઈ ભુપતભાઈ બારૈયા (ઉં.વ. ૩૨) રહે. જુના રાજપરા, વાડી વિસ્તાર, તા. તળાજા, જી.ભાવનગર, (૨) દિનેશભાઈ સડાભાઈ ડોળાસીયા ઉં.વ. ૩૬) રહે. જુના રાજપરા, વાડી વિસ્તાર, તા. તળાજા, જી. ભાવનગર

**મુદ્દામાલની વિગત**

વ્હેલ માછલીની ઉલ્ટી (એમ્બરગ્રીસ)ના ત્રણ ટુકડા, કુલ વજન ૨.૯૧૦ કિલોગ્રામ–બજાર કિંમત રૂા. ૨,૯૧,૦૦,૦૦૦, મોબાઈલ ફોન–૨ નંગ કિંમત રૂા. ૧૭,૦૦૦, મોટરસાયકલ–૧ નંગ કિંમત રૂા. ૩૦,૦૦૦ મળી કુલ મુદ્દામાલની કિંમત રૂા. ૨,૯૧,૪૭,૦૦૦.

**આરોપીઓની કબૂલાત**

પ્રાથમિક પૂછપરછ દરમિયાન આરોપીઓએ જણાવ્યું કે તેઓ તળાજા તાલુકાના રાજપરા–ગોપનાથના દરિયા કિનારે માચ્છીમારી કરવા ગયા હતા. ત્યારે દરિયા કિનારે તેમને આ અજીબ અને કઠોર પદાર્થ મળ્યો. સ્થાનિક સ્તરે પૂછપરછ કરતાં તેઓને ખબર પડી કે આ પદાર્થ વ્હેલ માછલીની ઉલ્ટી છે અને તેની આંતરરાષ્ટ્રીય બજારમાં મોટી કિંમત મળે છે. આ લોભમાં આવી તેઓએ તેને વેચવાના પ્રયત્નો શરૂ કર્યા અને ગ્રાહક શોધવા લાગ્યા.

**તપાસ અને કાયદાકીય કાર્યવાહી**

પકડાયેલ એમ્બરગ્રીસના નમૂનાઓ રેન્જ ફોરેસ્ટ ઓફિસર તેમજ એફ.એસ.એલ. અધિકારીઓ દ્વારા તપાસ માટે મોકલવામાં આવ્યા. પ્રાથમિક પરીક્ષણમાં પદાર્થ એમ્બરગ્રીસ હોવાનું નિશ્ચિત થતા તેને કબ્જે કરવામાં આવ્યો. બંને આરોપીઓ વિરૂદ્ધ

અનુસંધાન પાના ૧૨ ઉપર

## "અમરેલી એક્સપ્રેસ" અંક બંધ

"અમરેલી એક્સપ્રેસ" દૈનિક સ્વાતંત્ર્ય દિવસ તેમજ જન્માષ્ટમી પર્વને લઈને **શનિવાર, રવિવાર, સોમવાર,** અને **મંગળવાર**ના રોજ પ્રસિધ્ધ થશે નહી. **હવે પછીનો અંક બુધવાર તા.૨૦/૮/૨૦૨૫ ના રોજ પ્રસિધ્ધ થશે.** જેની સર્વે વાંચકો, વિજ્ઞાનપન દાતાઓ અને એજન્ટોએ નોંધ લેવા વિનંતી.

તંત્રીશ્રી

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
90,100/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૪/૦૮/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૭૩૧૬૬

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
અરજણભાઈ પટેલ
મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો.૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ
એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

WE ARE HIRING
Sheetal ICE CREAM
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Sales Coordinator
Experience : 1-2 Years
• Liaisoning Officer
Experience : 1-3 Years
• Senior Accountant
Experience : 2-4 Years
(Must know Tally and GST)
• HR Assistant
Education : BBA | MBA | B.Com | M.Com
BCA | MCA
Location :
Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

નારી હોસ્પિટલ
ડો. ચિરાગ કુબાવત M.B.D.G.O.
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com
હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
:: રીસેપ્શનિસ્ટ ::
(કમ્પ્યુટર / ધો. ૧૨ પાસ) (લેડીઝ-૨)
પગાર ધોરણ : 5,000 - 7,000
:: કમ્પ્યુટર ઓપરેટર :: (લેડીઝ-૨)
ડેટા એન્ટ્રી, સોફ્ટવેર શીટ એન્ટ્રી, મેડીકલ સ્ટોક મેનેજમેન્ટ, તેમજ ઓનલાઈન પ્રિસ્કીપ્શન રાઈટીંગ માટે અનુભવી
પગાર ધોરણ : 5,000 - 7,000
:: સમય ::
સવારે : ૯ : ૦૦ થી બપોરે ૩ : ૦૦
બપોરે : ૩ : ૦૦ થી રાત્રીના ૧૦ : ૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું ફોન કરવો નહીં

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨


LG Life's Good.
LG વોશર ડ્રાયર
વોશિંગ & ડ્રાઈંગ
ની નવી શૈલી
Direct Drive
Complete Drying
20% CASHBACK
આકર્ષક શ્રેણી
WASHER DRYER WASHING MACHINE
FRONT LOAD WASHING MACHINE
TOP LOAD WASHING MACHINE
FIXED EMI ₹ 3999*
FIXED EMI ₹ 1999*
FIXED EMI ₹ 1499*
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377

૭૯માં સ્વાતંત્ર્ય દિન
નિમિત્તે
હાર્દિક શુભકામનાઓ

HAPPY INDEPENDENCE Day
15 AUGUST
શુભેચ્છક
શ્રી અનિલ વેકરીયા
ચેરમેનશ્રી
શ્રી સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળી લી. બગસરા

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ અને તેમની અંતર્ગત આવતી નીચે મુજબની કંપનીના કર્મચારી અને તેમના પરિવારને કેશલેસ સારવાર ઉપલબ્ધ

24/7 Emergency Services
હવે... બદલાશે સારવારની પરીભાષા
GSECL GETCO DGVCL
MGVCL PGVCL UGVCL
GUVNL
GUVNL / GEB નાં કર્મચારીને કેશલેસ સારવાર આપતી અમરેલીની એકમાત્ર હોસ્પિટલ
Contant : 9978966629
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.
ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૯

## સાવરકુંડલાનાં વંડા ગામના ખેડૂત જગદીશભાઈ તળાવીયાનું પ્રેરણાદાયી કાર્ય

# અમરેલી જિલ્લાનાં ખેડૂતો ઓર્ગેનિક રીતે બાગાયતી ખેતી કરતા થયા

**ધો. ૧૨ સુધીનો અભ્યાસ કરનાર ખેડૂત પાસે ૨૮ વીઘા જમીન**

**વર્ષો સુધી મગફળી, કપાસ, ડુંગળી જેવા પાકોનું વાવેતર કર્યા બાદ હવે તેઓ બાગાયતી તરફ વળ્યા**

**સરગવાનું વાવેતર કરીને લાખો રૂપિયાની કમાણી કરવાનું શરૂ કર્યું**

**સરગવાનો પાઉડર બનાવીને પ્રતિ કિલો ભાવ રૂપિયા ૧ હજાર મેળવી રહ્યા છે**



અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લામાં છેલ્લા થોડા વર્ષોમાં કૃષિ ક્ષેત્રે એક નવી દિશા જોવા મળી રહી છે. પરંપરાગત મગફળી, કપાસ, ડુંગળી જેવી પાક આધારિત ખેતી કરતાં ખેડૂતો હવે બાગાયતી ખેતી તરફ વળી રહ્યા છે. બાગાયતી ખેતીમાં ખાસ કરીને ઓર્ગેનિક અને પ્રાકૃતિક પદ્ધતિઓ અપનાવીને ઘણા ખેડૂતો ઉત્તમ ઉત્પાદન અને વધુ આવક મેળવી રહ્યા છે. આ પરિવર્તનના ઉત્તમ ઉદાહરણ તરીકે સાવરકુંડલા તાલુકાના વડા ગામના પ્રગતિશીલ ખેડૂત જગદીશભાઈ બાબુભાઈ તળાવિયાનું નામ લેવામાં આવે છે.

તેઓએ અભ્યાસ ૧૨માં ધોરણ સુધી કર્યો છે અને તેમની પાસે કુલ ૨૮ વીઘા જમીન છે. તેઓએ વર્ષો સુધી પરંપરાગત રીતે મગફળી, કપાસ અને ડુંગળી જેવા પાકોનું વાવેતર કર્યુ, પરંતુ યોગ્ય ભાવ ન મળવાથી અને ઉત્પાદન ઘટવાથી તેમની આવક સતત ઘટતી ગઈ. સાથે જ મજૂર વર્ગની અછતને કારણે ખર્ચમાં વધારો થતો ગયો અને નફો ઓછો થતો ગયો. આવી પરિસ્થિતિમાં તેમણે અન્ય વિસ્તારોની મુલાકાત લઈને નવી ખેતી પદ્ધતિઓ વિશે અભ્યાસ કર્યો. આ મુલાકાતોથી તેમને પ્રેરણા મળી કે સરગવાની (ડ્રમસ્ટિક) ખેતી કરવી જોઈએ ખાસકરીને ઓર્ગેનિક અને પ્રાકૃતિક પદ્ધતિથી.

બે વર્ષ પહેલાં તેમણે પોતાના ૨૮ વીઘા વિસ્તારમાં પ્રાકૃતિક રીતે સરગવાનું વાવેતર શરૂ કર્યું. પ્રથમ જ વર્ષે પ્રતિ વીઘે ૧ લાખ રૂપિયા જેટલું ઉત્પાદન મળ્યું, જેથી કુલ વાર્ષિક આવક લગભગ ૩૦ લાખ સુધી પહોંચી. આ ખેતીમાં ખાસ વાત એ છે કે ખર્ચ ખૂબ ઓછો થાય છે, જેના કારણે નફો ૮૦% સુધી રહે છે. પ્રાકૃતિક ખેતીમાં રાસાયણિક ખાતર કે ઝેરી દવાઓનો ઉપયોગ થતો નથી, જેથી જમીનની ઉર્વરતા જળવાય છે અને પાક પણ ગુણવત્તાસભર મળે છે.

તેઓ જણાવે છે કે સરગવાની ખેતીમાંથી આવક મેળવવાના અનેક માર્ગો છે. પ્રથમ, લીલી શીંગ તરીકે સીધો વેચાણ થાય છે. જયારે માર્કેટમાં લીલી શીંગના ભાવ ઘટે, ત્યારે શીંગને પ્રોસેસિંગ દ્વારા સુકવી લેવામાં આવે છે. આ સુકેલી શીંગમાંથી બીજ અલગ કરવામાં આવે છે અને બીજનું વેચાણ થાય છે. બીજમાંથી પાવડર બનાવીને પણ વેચાણ થાય છે. બીજ ઉપરાંત સરગવાના પર્ણનો પણ ખાસ ઉપયોગ થાય છે. આ પર્ણને સુકવીને પાવડર બનાવવામાં આવે છે, જે ઔષધીય ગુણધર્મો ધરાવે છે અને આરોગ્યપ્રદ ફૂડ સપ્લિમેન્ટ તરીકે માર્કેટમાં વેચાય છે. સરગવાના પાવડરનો પ્રતિ કિલો ભાવ ૧,૦૦૦ જેટલો મળે છે, જે ખેતી માટે મોટો ફાયદો સાબિત થાય છે.

આરીતે, એક જ પાકમાંથી અનેક પ્રોડકટસ બનાવી શકાય છે અને વિવિધ બજારોમાં વેચાણ થઈ શકે છે, જે ખેડૂતોને ભાવના ઉતાર–ચઢાવથી બચાવે છે. સરગવાના પર્ણનો ઉપયોગ આયુર્વેદિક દવાઓ, પોષક પાવડર, હેલ્થ સપ્લિમેન્ટ અને કોસ્મેટિક પ્રોડકટસમાં પણ થાય છે, જેના કારણે તેની માંગ ભારતમાં જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય બજારમાં પણ વધી રહી છે.

તેઓ કહે છે કે પ્રાકૃતિક ખેતી કરવાથી જમીન લાંબા ગાળે ઉપજાઉ રહે છે અને ઉત્પાદનની ગુણવત્તા ઊંચી રહે છે. સાથે જ ગ્રાહકોમાં ઓર્ગેનિક પ્રોડકટસ પ્રત્યે જાગૃતિ વધતી જતી હોવાથી આવકના વધુ સારા અવસર ઉપલબ્ધ થાય છે. તેમના મતે હાલના સમયમાં પરંપરાગત ખેતીમાં ખર્ચ વધારે અને નફો ઓછો હોવાથી ખેડૂતોને નવીન અને મૂલ્યવર્ધિત ખેતી તરફ વળવું જરૂરી છે.

સરગવાની ખેતીમાં શ્રમની જરૂરિયાત તુલનામૂલક ઓછી છે. એક વાર વાવેતર કર્યા પછી વર્ષોથી સતત પાક મળતો રહે છે. વાવેતર પછીના પ્રથમ ૬–૮ મહિનામાં જ ઉત્પાદન શરૂ થઈ જાય છે અને પછી સતત શીંગ, પર્ણ અને બીજ મળતા રહે છે. પાણીની જરૂરિયાત પણ મગફળી કે કપાસની સરખામણીએ ઓછી હોય છે, જે સુકા કે અર્ધસૂકા વિસ્તારમાં ખેતી માટે લાભકારી બને છે.

અમરેલી જિલ્લાના અન્ય ઘણા ખેડૂતો હવે પ્રેરાઈને સરગવા સહિતની બાગાયતી ખેતી તરફ વળી રહ્યા છે. સ્થાનિક કૃષિ વિભાગ પણ ખેડૂતોને તાલીમ, માર્ગદર્શન અને બજાર જોડાણમાં સહાય કરી રહ્યું છે. ભવિષ્યમાં આ પ્રકારની ખેતીથી અમરેલી જિલ્લો ઓર્ગેનિક બાગાયતી ઉત્પાદન માટે ઓળખ બનાવશે, તેવી શકયતા છે.

તેઓની કહાની દર્શાવે છે કે યોગ્ય માર્ગદર્શન, પ્રયોગશીલ વલણ અને બજારને ધ્યાનમાં રાખીને પાકની પસંદગી કરવામાં આવે, તો કૃષિમાંથી લાખો રૂપિયાની આવક શકય છે. સરગવાની ખેતી એનું જીવંત ઉદાહરણ છે કે ઓછી જમીનમાં, ઓછા પાણીમાં અને ઓછા ખર્ચે પણ વધારે નફો મેળવી શકાય છે અને સાથે જ પ્રાકૃતિક ખેતી દ્વારા જમીન અને આરોગ્ય બંનેનું રક્ષણ થઈ શકે છે.

## જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના હસ્તે ધ્વજવંદન થશે

# અમરેલી જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્યત દિવસની ઉજવણી વડિયાની સુરગવાળા સાર્વજનિક શાળા મુકામે થશે

**નાગરિકોને સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં સહભાગી થવાનો અનુરોધ**

અમરેલી, તા.૧૪

સ્વાતંત્ર્યપર્વ–૧૫ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિન અમરેલી જિલ્લા કક્ષાની ઉજવણી વડીયા સ્થિત સુરગવાળા સાર્વજનિકહાયરસેકન્ડરસ્કુલખાતેથશે. જિલ્લાકક્ષાનાસમારોહમાંજિલ્લાકલેકટર વિકલ્પ ભારદ્વાજ દ્વારા શુક્રવારે ૧૫/૮/૨૦૨૫ના રોજ સવારે ૯:૦૦ કલાકે ધ્વજવંદન થશે.

જિલ્લાનીવિવિધશાળાઓના વિદ્યાર્થીઓદેશભકિતનેલગતીસાંસ્કૃતિક કૃતિઓની પ્રસ્તુતિ કરશે. વિદ્યાર્થીઓ, ખેલાડીઓ યોગ નિદર્શન કરશે. ઉત્કૃષ્ટ કામગીરી કરનારા કર્મયોગીઓનું અને ખેલાડીઓ સહિતનાઓનું સન્માન થશે. જિલ્લા પોલીસદ્વારાહર્ષધ્વનિથશે.

વડીયા મુકામે યોજનારા સમારોહમાંઅમરેલીજિલ્લાનાનાગરિકોને હર્ષભેર જોડાવા માટે અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## એડીશ્નલ સેશન્સ કોર્ટ તથા પોકસો કોર્ટમાં કેસ ચાલી જતા

# અમરેલીની તરૂણી સાથે અવારનવાર શરીર સંબંધ બાંધનાર આરોપીને ૨૦ વર્ષની સજા

**તરૂણીને રૂપિયા ૪ લાખ વળતર ચુકવવા પણ આદેશ**

અમરેલી તા.

અમરેલીમાં રહેતી એક ૧૭ વર્ષ ૯ માસની અભ્યાસ કરતી એક સગીરાને અમરેલીનીબ્રામ્હણસોસાયટીમાંઆવેલ ગોપાલનગર–૧ રહેતા આરોપી મયુરભાઈ જંયતિભાઈ નારીગરા નામના ડ્રાઈવર લાઠી ગામેથી ભોગબનનાર તરૂણીને લલચાવી ફોસલાવીલગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે વાલીપણામાંથી ભગાડીઅપહરણકરી લઈ જઈ તેણીની ઈચ્છા વિરૂધ્ધ ઉગ્ર પ્રવેશ જાતીય હુમલો કરી ભોગબનનાર સાથે અલગ અલગ જગ્યા એ અવાર નવાર શરીર બાંધી અને સંભોગ–બળાત્કાર કરી તેમજ ભોગબનનાર આરોપી સાથે વાત નહી કરે તો તેના ભાઈને મારી નાખવાનીધમકીઆપીગંભીરપ્રકારનો ગુન્હો કરેલ હોય, આ અંગે જે તે સમયે પોલીસમાંફરિયાદનોંધાયહતી.

અંગેનો કેસ અમરેલીના એડી.સેશન્સ કોર્ટ તથા સ્પે.પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેનત્રિવેદીનીધારદારદલીલોને સ્પે. પોકસો કોર્ટના જજ ડી.એસ. શ્રીવાસ્તવ દ્વારા માન્ય રાખી આરોપી મયુરભાઈ જંયતિભાઈ નારીગરાને કલમ–૩૬૩,૩૬૬,૩૭૬(૨)(એન), તથા પોકસો એક્ટ કલમ–૪,૬,૮ના ગુન્હામાં કસુરવાર ઠરાવી ૨૦ વર્ષની જેલની સખત સજા તથા રૂપિયા ૧૫ હજારનાદંડનીસજાનોહુકમકર્યોહતો.

આ બનાવમાં ભોગ બનનારતરૂણીનેરૂપિયા૪લાખવળતર ચુકવવા પણઆદેશકર્યોહતો.


''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
50 MBPS ૧૨ મહિના ઈન્સ્ટોલેશન ફી ₹. 6500
WITH OTT 50 MBPS ૧૨ મહિના ઈન્સ્ટોલેશન ફી ₹. 7500
MTL INTERNET
ONU FREE TO USE
MAHAJAN TELNET LLP.
પહેલા માળે, વ્હાઈટ હાઉસ, બસ સ્ટેન્ડ સામે, અમરેલી.
95 86 96 16 01
















અમરેલી લોકસભા વિસ્તારના લોકોને
79મા સ્વતંત્રતા દિવસના
આ પવિત્ર પર્વે આપણા શહીદોને નમન સાથે હૃદયપૂર્વક
શુભકામનાઓ પાઠવું છું.
ચાલો, ગર્વથી તિરંગો લહેરાવીએ.
ભરત સુતરીયા
સાંસદ, અમરેલી લોકસભા


79મા સ્વતંત્રતા દિવસના
આ પવિત્ર અવસર પર દેશ માટે પોતાના પ્રાણ અર્પણ કરનાર
અમર શહીદોને હૃદયપૂર્વક નમન.
ચાલો, આપણે સૌ એકતાના ભાવ સાથે
ગર્વથી તિરંગો લહેરાવીએ
અને દેશપ્રેમનો સંદેશ ફેલાવીએ.
કૌશિક વેકરિયા
નાયબ મુખ્ય દંડક, ગુજરાત વિધાનસભા | ધારાસભ્ય: અમરેલી, કુંકાવાવ, વડિયા


૭૯માં સ્વાતંત્ર્ય દિન
निमित्ते
હાર્દિક શુભકામનાઓ...
79th INDEPENDENCE Day 2025
15th August
INDIA
Independence Day
શુભેચ્છક
નગરપાલિકા દ્વારા 'સર્વનો સાથ શહેરનો વિકાસ' સ્વચ્છ સાવરકુંડલા,સુંદર સાવરકુંડલા' ઉકિતને સાર્થક કરવા તમામ શહેરીજનોના સાથ અને સહકારની અપેક્ષા છે ૭૯ મા સ્વાતંત્ર્ય દિવસ નિમિતે નીચે મુજબના સંકલ્પ કરીએ.
(૧) નગરને સ્વચ્છ અને સુંદર બનાવવા સહયોગ આપીએ.
(૨) ઘરનો ભીનો કચરો-સુકો કચરો અલગ-અલગ કચરા પેટીમાં નાખીએ.
(3) નગરપાલિકાની ડોર ટુ ડોર કચરાનાં કલેકશનની સુવિધાનો મહત્તમ લાભ લઈએ.
(૪) પ્લાસ્ટીકનાં ઝબલાનો બહિષ્કાર કરીએ.
(૫) નગરને હરીયાળુ બનાવવા વૃક્ષારોપણ કરીએ અને વૃક્ષને ઉછેરવાનો સંકલ્પ કરીએ.
(૬) પાણીનો કરકસર યુકત ઉપયોગ કરીએ અને તેનો બગાડ કરશો નહિ.
(૭) આવો આપણા નગરને ઝીરો વેસ્ટ ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત બનાવીએ.
(૮) નગરપાલિકાના કરવેરા નિયમિત ભરીએ.
: શુભેચ્છક :
શ્રી મેહુલભાઈ ત્રિવેદી - પ્રમુખ
શ્રી પ્રતિકભાઈ નાકરાણી - ઉપપ્રમુખ
શ્રી અશોકભાઈ ચૌહાણ - કારોબારી ચેરમેન
શ્રી વિનોદ સી. રાઠોડ - ચિફ ઓફીસર
તેમજ તમામ ચેરમેનશ્રીઓ તથા સદસ્યશ્રીઓ અને કર્મચારીગણ...
સાવરકુંડલા નગર પાલિકા
: સાવરકુંડલા :

## દૈનિક વર્તમાનપત્રોમાં સમસ્યાને લઈને અવારનવાર પ્રસિદ્ધ થતાં સમાચારની અસર

# અમરેલી અને બાબરાની મુલાકાતે પાલિકાનાં પ્રાદેશિક કમિશનર

અમરેલી ખાતે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, પમ્પિંગ સ્ટેશન, શેલ્ટરહોમની લીધી મુલાકાત

શાકમાર્કેટની સફાઈ, પેવર બ્લોક અને પાણી નિકાલની વ્યવસ્થા અંગે આપી સુચના

ડમ્પીંગ સાઈટ ઉપર ઘન કચરાનો નિકાલ કરવા અને સાઈટ સુધીનો માર્ગ બનાવવા આપી સુચના

બાબરા ખાતે જુના તળાવ, બ્યુટિફિકેશન પ્રોજેક્ટ સાઈટનું સ્થળ નિરીક્ષણ પણ કર્યુ



અમરેલી, તા. ૧૪

પ્રાદેશિક કમિશનર નગરપાલિકા ભાવનગર ઝોન ધવલ પંડયા દ્વારા અમરેલી અને બાબરા નગરપાલિકાઓની મુલાકાત લેવામાં આવી હતી. અમરેલી ખાતે ગટરના પાણીની ટ્રીટમેન્ટ કરતા સુવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી), પમ્પિંગ સ્ટેશન, નિરાશ્રિતો માટે બનાવેલ શેલ્ટર હોમ, સિટીસિવિકસેન્ટર, સાવરકુંડલારોડ પર આવેલ ડમ્પ સાઈટ વગેરેની તેમજ બાબરાખાતેપ્રગતિહેઠળની નગરસેવા સદન બિલ્ડિંગ, એસટીપી, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (ડબલ્યુટીપી), ઊંચી ટાંકી, સંપ, ડમ્પ સાઈટ અને બાબરા નગરપાલિકા દ્વારા હાથ ધરાયેલ સ્પેશિયલ પ્રોજેકટ તરીકે નીલવડા રોડ પાસે આવેલ જુના તળાવ બ્યુટિફિકેશન પ્રોજેકટ સાઈટની મુલાકાત કરી પ્રોજેકટની વિગતવાર સમીક્ષા કરવામાં આવી. ઉપરાંત દૈનિક સમાચાર પત્રોમાં આવતી અમરેલી નગરપાલિકાની ફરિયાદોની સમીક્ષા કરી હતી.

અમરેલી નગરપાલિકાની વિઝિટ દરમિયાન પ્રાદેશિક કમિશનરે એસટીપીનો ક્ષમતા મુજબ મહત્તમ ઉપયોગ કરવા ઘટતા કામોનું આયોજન કરવા, ગટરના ગંદા પાણીની ટ્રીટમેન્ટ થયા બાદ તેના પેરામીટર જીપીસીબીના નિયમો મુજબ રહે તેની કાળજી લેવા અને નિયમિત મોનીટરીંગ રાખવા, ગટરના પમ્પિંગ સ્ટેશન યોગ્ય રીતે કામ કરે તે માટે, શેલ્ટર હોમના મેનેજમેન્ટ સુધારવા અને તેના પર મોનીટરીંગ રાખવા, લોકો સિટી સિવિક સેન્ટરનો મહત્તમ ઉપયોગ કરે તે માટે આયોજન કરવા સૂચના. આપી.

અમરેલી ખાતે ડમ્પ સાઈટ પર પડેલ ઘન કચરાનો નિકાલ કરવા અને ટોયલેટ બ્લોકની સફાઈ અને ડમ્પ સાઈટ સુધીનો રસ્તો બનાવવા સૂચના આપવામાં આવી. ઉપરાંત અમરેલીના નગરપાલિકા સંચાલિત શાક માર્કેટમાં પાણી ભરાવાના પ્રશ્ન બાબતે સમાચાર પત્રોમાં આવેલ અહેવાલ બાબત શાક માર્કેટની વિઝિટ કરવામાં આવેલ અને માર્કેટમાં નિયમિત કચરો ઉઠાવવામાં આવે, સાફ સફાઈ થાય, પેવર બ્લોક નાખવામાં આવે, શેડ બનાવવા અને રિપેરિંગ કરાવવા સૂચના આપવામાં આવી.

બાબરા નગર પાલિકાની મુલાકાતમાં પ્રગતિહેઠળના સેવાસદનની વિઝિટ કરેલ અને લિફટનું આયોજન કરવા, સુવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી નીકળતા પાણીનું યોગ્ય નિકાલ કરવા, પાણીના શુદ્ધિકરણ માટેના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની સાર સંભાળ તથા પાણીના સોર્સ વધારવા માટે આયોજન કરવા, ઊંચી ટાંકીનું સમયાંતરે નિરીક્ષણ કરવા, ડમ્પ સાઈટ પર પડેલ ઘન કચરાના ઝડપી નિકાલ કરવા અને પ્રોસેસિંગ પ્લાન્ટના બાકી ઘટકો ઝડપથી પૂર્ણ કરી પ્લાન્ટ શરૂ કરવા, શહેરમાં બાગ–બગીચાઓના કામો આયોજન પૂર્વક અને મહત્તમ વૃક્ષારોપણ થાય અને હયાત બગીચાઓની જાળવણી કરવા, કમ્યુનિટી હોલનું આયોજન કરવા જણાવેલ.

ઉપરાંત, નગરપાલિકાનું ભંડોળ મજબૂત બનાવવા ટેકસ વસૂલાતમાં કરદાતાઓને વિવિધ સ્કીમો આપી વધારો કરવા, ડોર–ટુ–ડોર કચરો કલેકશન કામગીરી યોગ્ય રીતે અને મિલકત દીઠ જરૂરી વાહનો મૂકીને યોગ્ય રીતે થાય, કંડમ વાહનોના નિકાલની પ્રક્રિયા કરવા, શહેરમાં સ્વચ્છતા જાળવવી, ચોમાસા દરમિયાન રસ્તાઓના ખાડાની મરામત કરવા અને નાગરિકોની ફરિયાદોનો નિકાલ થાય તે બાબત, વિવિધ વિકાસલક્ષી યોજનાઓના બાકી આયોજન, પ્રગતિ હેઠળના કામો અને શરૂ ન થયેલા કામોની સમીક્ષા કરવામા આવી. આ મુલાકાત દરમિયાન પ્રાદેશિક કમિશનરે નગરપાલિકાઓને આયોજનબધ્ધ રીતે કામગીરી કરવા તાકીદ કરી હતી.

## જિલ્લા મેજીસ્ટ્રેટનાં વોરંટનાં આધારે

# જેસર ગામે રહેતાં ર ઈસમની ક્રાઈમ બ્રાન્ચે ''પાસા'' હેઠળ અટકાયત કરી

એકને વડોદરા અને અન્યને પાલનપુર જેલ હવાલે કરાયા



અમરેલી, તા. ૧૪

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાએ અમરેલી જિલ્લામાં મિલકત સબંધી ગુનાઓ આચરતા ભાવનગર જિલ્લાના જેસર ગામે રહેતા ભાવેશ ઉર્ફે જોખમ ભરતભાઈ ચુડાસમા તથા જગદીશ ઉર્ફે બજેડી પ્રવિણભાઈ વાઘેલા નામના બે ઈસમો વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી તરફ મોકલી આપેલ હતી.

લોકોની માલ–મિલકત જેના કારણે જોખમમાં મુકામ શકે તેવા ઈસમોની સમાજ–વિરોધી પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજએ બે ઈસમો વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં, અમરેલી પોલીસ અધિક્ષકની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. પોલીસ ટીમ દ્વારા બન્ને ઈસમોને પાસા વોરંટની બજવણી કરી ભાવેશ ઉર્ફે જોખમ ભરતભાઈ ચુડાસમાને મધ્યસ્થ જેલ વડોદરા ખાતે ખાતે તથા જગદીશ ઉર્ફે બજેડી પ્રવિણભાઈ વાઘેલાને પાલનપુર જિલ્લા જેલ (જિ. બનાસકાંઠા) ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપવા તજવીજ કરેલ છે.

## લાબાં સમયનાં વિરામબાદ મેઘાની પધરામણી

# બાબરામાં સમી સાંજે ધોધમાર વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ

જામબરવાળા, ગલકોટડી, ખાખરીયામાં પણ વરસાદ



બાબરા, તા. ૧૪

બાબરામાં સમી સાંજે ભારે ઉકળાટ અને ગરમીના વાતાવરણ વચ્ચે મેઘરાજાએ જોરદાર આગમન કરતા શહેરની બઝારોમાં પાણી દોડવા લાગ્યું હતું અડધા ઈંચથી વધુ વરસાદ પડી ગયો છે અને હજુ શરૂ છે બાબરા તાલુકામાં સૌથી વધુ વરસાદ જિલ્લામાં પડયો છે પણ લાંબા સમયથી સમગ્ર સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ વિરામ લેતા જગતનો તાત મુંજાય ગયો હતો. અને લહેરાતા પાક મુરજાય જવાની ભીતિ સતાવી રહી હતી મોટાભાગના ખેડૂતો દ્વારા પિયત પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. પણ આજે વરસાદ મન મુકીને વરસે તો ખેતરમાં ઉભા પાકને સારો ફાયદો થાય તેમ છે.

બાબરા સહિત તાલુકામાં દરેડ, જામબરવાળા, ખાખરીયા, ગલકોટડી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં સારો વરસાદ પડી જતા ખેડૂતોમાં ખુશીની લાગણી પ્રસરી ગઈ હતી.

## ગરીબ પરિવારો માટે દુર્લભ ગણાતુ ડ્રાયફ્રુટ મધ્યમવર્ગને પણ પરવડે તેમ નથી

# અમરેલી જિલ્લામાં જન્માષ્ટમી તહેવારમાં ડ્રાયફ્રુટની ખરીદીમાં ઉછાળો, ભાવમાં વધારો

મોટાભાગનુ ડ્રાયફ્રુટ અન્ય રાજયોમાંથી આવતુ હોય ટ્રાન્સપોર્ટ ખર્ચ વધ્યો



અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લામાં જન્માષ્ટમીનો તહેવાર ધામધૂમથી શરૂ થઈ ગયો છે. પરંપરાગત રીતે આ તહેવારમાં ઘેરઘેર વિશેષ વાનગીઓ બનતી હોય છે, જેમાં ડ્રાયફ્રુટનો ઉપયોગ મોટી સંખ્યામાં કરવામાં આવે છે. આ વર્ષે પણ જિલ્લાભરના બજારોમાં ડ્રાયફ્રુટની ખરીદીમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. સ્થાનિક વેપારીઓ અનુસાર, તહેવારની સીઝન શરૂ થતા જ ડ્રાયફ્રુટની માંગ વધી ગઈ છે, જેના કારણે ભાવમાં ૧૦ રૂપિયાથી લઈને ૩૫ રૂપિયા પ્રતિ કિલો સુધીનો વધારો નોંધાયો છે.

બજારમાં સવારથી સાંજ સુધી ગ્રાહકોની ભારે અવરજવર રહી છે. ઘણા પરિવારો જન્માષ્ટમીના ઉપલા દિવસે અને તહેવારના દિવસે ઘરે મોહનથાળ, શીરો, લાડવા, મખાનાની ખીર, શીંગના લાડવા, કાજુ–બદામની બર્ફી જેવી અનેક વાનગીઓ તૈયાર કરે છે. તેમાં કાજુ, બદામ, દ્રાક્ષ, અંજીર, અખરોટ જેવા ડ્રાયફ્રુટનો ઉપયોગ આવશ્યક ગણાય છે. તહેવાર દરમિયાન લોકો માત્ર ઘરમાં વાનગીઓ માટે જ નહીં પરંતુ ભેટ સ્વરૂપે પણ ડ્રાયફ્રુટ પેકેટની ખરીદી કરે છે.

અમરેલીના સ્થાનિક વેપારી તેઓએ જણાવ્યું કે, તેઓ છેલ્લા ત્રણ વર્ષથી ડ્રાયફ્રુટનો વ્યવસાય કરી રહ્યા છે અને દર વર્ષે તહેવારો દરમિયાન વેચાણમાં વિશાળ વધારો થાય છે. ''હાલ તહેવારને કારણે માંગ ઘણી વધી છે. સામાન્ય દિવસોમાં ૩ થી ૫ કિલો સુધી વેચાણ થતું હોય છે, પરંતુ છેલ્લા ચાર–પાંચ દિવસથી રોજે સરેરાશ ૧૦થી ૧૫ કિલો ડ્રાયફ્રુટનું વેચાણ થઈ રહ્યું છે. ખાસ કરીને કાજુ અને બદામની માંગ સૌથી વધુ છે,'' વિજયભાઈએ ઉમેર્યું.

તેઓએ આગળ જણાવ્યું કે કાજુનો ભાવ ક્વોલિટી મુજબ હાલમાં ૭૦૦થી ૧૦૦૦ પ્રતિ કિલો સુધી છે. બદામ ૬૦૦થી ૮૦૦ પ્રતિ કિલો સુધી મળી રહ્યો છે, જયારે દ્રાક્ષ ૧૩૦થી ૧૬૦ પ્રતિ કિલો સુધી વેચાઈ રહ્યો છે. અંજીર અને અખરોટ જેવા ઉચ્ચ કવોલિટીના ડ્રાયફ્રુટના ભાવમાં પણ વધારો નોંધાયો છે. ''આ વર્ષે ખાસ કરીને મધ્યમ અને પ્રીમિયમ કવોલિટીના કાજુના ભાવમાં ૩૫ જેટલો ઉછાળો આવ્યો છે. સામાન્ય ક્વોલિટી વાળા બદામમાં ૧૦ થી ૨૦ રૂપિયાનો વધારો થયો છે,''

વેપારીઓનું કહેવું છે કે ડ્રાયફ્રુટના ભાવમાં વધારો થવાનો મુખ્ય કારણ છે માંગમાં અચાનક વધારો અને પુરવઠાની મર્યાદિત ઉપલબ્ધિ. તહેવારોની સીઝનમાં મોટા શહેરોમાંથી પણ ઓર્ડર આવતા હોવાથી સ્થાનિક બજારમાં પણ સ્પર્ધા વધી જાય છે. ઉપરાંત, કેટલાક ડ્રાયફ્રુટના આયાતી માલ પરના શુલ્કમાં થયેલા ફેરફારનો અસર પણ ભાવ પર પડી રહી છે.

ગ્રાહકોનું કહેવું છે કે ભાવમાં વધારો થયો હોવા છતાં તહેવારના આનંદ માટે તેઓ ખરીદી કરવામાં કોઈ ઘટાડો કરતા નથી. અમરેલીના એક ગ્રાહક હર્ષાદબેન દેસાઈએ જણાવ્યું કે, ''જન્માષ્ટમીમાં ઘરે પરંપરાગત મીઠાઈઓ બનાવવાનું વર્ષો જૂનું નિયમ છે. ભાવ વધે કે ઘટે, તહેવારમાં બાળકો અને મહેમાનો માટે ડ્રાયફ્રુટની વાનગીઓ તો બનાવવી જ પડે.''

બજારમાં હાલ કાજુ–બદામ ઉપરાંત દ્રાક્ષ, ખારેક, મખાણા, પિસ્તા અને અંજીરની પણ સારી માંગ જોવા મળી રહી છે. કેટલાક વેપારીઓએ ખાસ પેકેજિંગ સાથે તહેવારી ગિફ્ટ પેક પણ તૈયાર કર્યા છે, જે ૫૦૦ ગ્રામથી લઈને ૨ કિલો સુધીના કદમાં ઉપલબ્ધ છે. આ ગિફ્ટ પેકના ભાવ ૪૦૦ થી શરૂ થઈને પ્રીમિયમ વર્ઝનમાં ૨૫૦૦ સુધી જઈ રહ્યા છે.

આ વર્ષે વરસાદની સ્થિતિ અને ખેતી ઉત્પાદનની અસર સીધી ડ્રાયફ્રુટના ભાવ પર પડી રહી નથી, કારણ કે મોટા ભાગનો માલ આયાતી કે અન્ય રાજયોમાંથી આવે છે. પરંતુ લોજિસ્ટિક્સ ખર્ચ અને હોલસેલ માર્કેટમાં વધેલી માંગને કારણે સ્થાનિક રિટેલ માર્કેટમાં ભાવ વધ્યા છે.

તહેવારો પૂરા થાય ત્યાં સુધી ભાવમાં ઘટાડો થવાની શકયતા ઓછી છે. આગળ નવરાત્રી, દિવાળી જેવા તહેવારો આવવાના હોવાથી ડ્રાયફ્રુટ માર્કેટમાં આગામી બે મહિના સુધી સારા વેપારની આશા છે. કેટલાક વેપારીઓ પહેલાથી જ મોટા પ્રમાણમાં સ્ટોક રાખી રહ્યા છે, જેથી ભવિષ્યમાં સપ્લાયની કમીનો સામનો ન કરવો પડે.

આ રીતે, અમરેલી જિલ્લામાં જન્માષ્ટમી તહેવારના આગમન સાથે બજારમાં ડ્રાયફ્રુટની ખરીદીમાં ભારે ચહલપહલ જોવા મળી રહી છે. ભાવ વધ્યા હોવા છતાં તહેવારના આનંદમાં કોઈ ખોટ ન પડે તે માટે લોકો ઉત્સાહપૂર્વક ખરીદી કરી રહ્યા છે, અને વેપારીઓ માટે આ સમય વર્ષનો સૌથી ફાયદાકારક સીઝન બની રહ્યો છે.

# ચલાલા : લોહાણા મહાજનના પ્રમુખ મહેન્દ્રભાઈ સાદરાણીના માતૃશ્રીનું અવસાન



ચલાલા, તા. ૧૪

ચલાલા સમાજ અને ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મહેન્દ્રભાઈ સાદરાણી મુકેશભાઈ સાદરાણી અને ભરતભાઈ સાદરાણીના માતૃશ્રી જયાબેન દિનકરાઈ સાદરાણી ઉ. વર્ષ. ૯૫ નું તા. ૧૪/૮/૨૦૨૫ ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થતા સમગ્ર રઘુવંશી સમાજના દુખની લાગણી વ્યાપેલ છે. સદગત જયાબહેન ખુબ જ શાંત સરળ માયાળુ અને પરોપકારી સ્વભાવના હતા. તેઓ હંમેશા સત્યની નજીક રહી પરિવાર પ્રેમી હતા.

તેઓ વિશાળ સાદ્રાણી પરિવારને રડતા મુકીને સ્વર્ગે સીધાવી જતા સાદ્રાણી પરિવારમા દુખની લાગણી વ્યાપેલ છે. સદગતની અંતિમ યાત્રા આજે સવારના ૮ કલાકે મહેન્દ્રભાઈ સાદ્રાણીના નિવાસ્થાન સાટોડી પરા મસ્જિદ વાળી શેરી એથી રાખેલ છે તેમજ સદગતનું ઉઠમણું આજે સાંજના પાંચ કલાકે ચલાલા લોહાણા મહાજન વાડીમાં રાખેલ છે. સદગતના અવસાનના સમાચાર માંભળી ચલાલા રઘુવંશી સમાજ સહિત અન્ય સમાજના આગેવાનો મહેન્દ્રભાઈના નિવાસ્થાને સાંત્વના આપવા મોટી સંખ્યામાં એકઠ થયા હતા.

## ૭૯માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ

## ધી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. અમરેલી.

'ભોજલરામ ભવન', રાજમહેલ રોડ, હેડ-ઓફીસ, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૬૦૧
ઈ-મેઈલ :ho@ajmsbank.com વેબસાઈટ :www.ajmsbank.com

### (થાપણ પરના બેંકના આકર્ષક વ્યાજદરો)

| અનુ. નં. | થાપણના પ્રકાર | તા.૧૦-૦૭-૨૦૨૫ થી વ્યાજનો દર | સીનીયર સીટીઝન (વરિષ્ટ નાગરીક) માટે |
|---|---|---|---|
| (A) | ૦૭ દિવસથી ૧૪ દિવસની મુદ્દત માટે | ૩.૫૦ | ૪.૦૦ |
| (B) | ૧૫ દિવસથી ૪૫ દિવસની મુદ્દત માટે | ૪.૦૦ | ૪.૫૦ |
| (C) | ૪૬ દિવસથી ૮૯ દિવસની મુદ્દત માટે | ૫.૦૦ | ૫.૫૦ |
| (D) | ૯૦ દિવસથી ૧૭૯ દિવસની મુદ્દત માટે | ૫.૧૦ | ૫.૬૦ |
| (E) | ૧૮૦ દિવસથી ૧ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૬.૦૦ | ૬.૫૦ |
| (F) | ૧ વર્ષની મુદ્દત અને ૨ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૬.૭૫ | ૭.૨૫ |
| (G) | ૨ વર્ષની મુદ્દત અને ૩ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૬.૭૫ | ૭.૨૫ |
| (H) | ૩ વર્ષની મુદ્દત અને ૫ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૬.૫૦ | ૭.૦૦ |
| (I) | ૫ વર્ષથી વધુ અને ૮ વર્ષ સુધીની મુદ્દત માટે | ૬.૫૦ | ૭.૦૦ |
| (J) | ડબલ (સ્પેશ્યલ ફીકસ ડીપોઝીટ) | ૧૧ વર્ષ ૬ માસે (૧૩૮ માસ) (વ્યાજ દર ૬.૧૦%) | |

- અન્ય બેંકોની સરખામણીમાં થાપણો ઉપર સૌથી વધુ વ્યાજ આપતી અને **સને ૧૯૫૧** થી સતત **ઓડીટ વર્ગ અ** ધરાવતી બેંક.
- સરકારશ્રીની નીતિ અન્વયે પ્રથમ વર્ષથી ૧૦૦% કિસાન કેડીટ કાર્ડ દ્વારા જ ખેડૂતોને રૂા. ૩,૦૦,૦૦૦/- સુધીનું ધિરાણ ૭% એ ખરીફ અને રવિ પાક ધિરાણ પુરી પાડતી પ્રથમ બેંક તેમજ **રૂા. ૩,૦૦,૦૦૦/-** સુધીનું અકસ્માત વીમા કવચ પુરી પાડતી બેંક.
- બેંકની મુખ્ય કચેરી ઉપરાંત **૭૧ શાખાઓ** સાથે સંયોજીત મંડળીઓ તથા બેંકના કર્મચારીઓના નેટવર્ક દ્વારા ખેતી અને ખેતી આધારિત પશુપાલન તેમજ ઉધોગોને ઉત્તમ સેવા પુરી પાડતી બેંક.
- ખેડૂતોને હાઉસીંગ, ગોડાઉન, ટ્રેક્ટર તથા દ્વીચકી વાહન ખરીદવા માટે લોન આપવામાં આવે છે.
- રૂા.૫,૦૦,૦૦૦/- સુધીની આ બેંકમાં મુકેલ ડિપોઝીટ વીમાથી સુરક્ષિત.
- **બેંકમાં RTGS, NEFT, IMPS, UPI, (બીલ પેમેન્ટ) BBPS, (આધાર લીંક સબસીડી) APBS, SMS એલર્ટ, મોબાઈલ બેંકીંગ, CTS ટ્રાન્ઝેકશનની સુવિધા ઉપલબ્ધ છે. તેમજ ફકત રૂા. ૧૦૭/- માં બેંક મારફત પાનકાર્ડ મેળવવાની સુવિધા.**
- બેંકની વ્યકિતગત **આકસ્મિક વીમા યોજના** અન્વયે ૧૦ થી ૭૮ વર્ષની વયના **લોકોને રૂા. ૩/- લાખનું અકસ્માત વીમાનું કવચ.**
- **ગોલ્ડ લોન ધમાકા સોનાના દાગીના ઉપર બજાર ભાવના ૭૫% સુધી અને વધુમાં વધુ રૂા. ૭,૦૦,૦૦૦/- સુધીનું ધિરાણ વાર્ષિક માત્ર ૯.૫૦ % ના વ્યાજ દરે ઉપલબ્ધ છે.**

(બી. એસ. કોઠીયા) જનરલ મેનેજર (સી.ઈ.ઓ) | (અરૂણભાઈ પટેલ) વાઈસ ચેરમેન | (દિલીપભાઈ સંઘાણી) ચેરમેન

ધી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.- અમરેલી.



## ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

## હાર્દિક શુભકામનાઓ...




: શુભેચ્છક :

## નટરાજ રોડ લાઇન્સ

અમરેલી-ભાવનગર-રાજકોટ

## આશાપુરા ટ્રાન્સપોર્ટ કું.

પાલનપુર - વલસાડ

શ્રી ઉદયભાઇ શેખવા : મો. ૯૧૩૭૧ ૫૫૫૫૫



## ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

## હાર્દિક શુભકામનાઓ...




:: શુભેચ્છક ::

## શ્રી મધુરમ્ કન્સ્ટ્રકશન (ઈન્ડીયા) લી.

જુનાગઢ



## ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

## હાર્દિક શુભકામનાઓ...







શ્રી પરશોતમભાઈ રૂપાલા
સાંસદશ્રી, રાજકોટ
સંસ્થાના પ્રેરણાસ્ત્રોત, સ્થાપક ડાયરેક્ટરશ્રી

: શુભેચ્છક :



શ્રી દિલીપભાઈ સંઘાણી
ચેરમેનશ્રી 'ઈફકો'
શ્વેતક્રાંતિના જનક, સ્થાપક ચેરમેનશ્રી



શ્રી અશ્વિન સાવલીયા
ચેરમેનશ્રી



શ્રી મુકેશ સંઘાણી
વાઈસ ચેરમેનશ્રી



ડો. આર. એસ. પટેલ
મેનેજીંગ ડિરેકટર

: બોર્ડ ઓફ ડિરેકટરશ્રીઓ :

| | | |
|---|---|---|
| શ્રી માવજીભાઈ ગોલ | શ્રી અરૂણભાઈ પટેલ | શ્રી અરૂણાબેન માલાણી |
| શ્રી ચંદુભાઈ રામાણી | શ્રી રાજેશભાઈ માંગરોળીયા | શ્રી જયેનભાઈ મહેતા |
| શ્રી ઠાકરશીભાઈ શીયાણી | શ્રી જયાબેન રામાણી | શ્રી રામજીભાઈ કાપડીયા |
| શ્રી કમલેશભાઈ સંઘાણી | શ્રી ભાનુબેન બુહા | શ્રી કંચનબેન ગઢીયા |
| શ્રી રેખાબેન કાકડીયા | શ્રી ભાવનાબેન ગોંડલીયા | શ્રી ભાવનાબેન સતાસીયા |

Amul
The Taste of India

અમરેલી જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. "અમર ડેરી"

## પરદેશી ભૂખ્યા ટોપીવાળાનાં ટોળા ઉતર્યા, ઉતરિયા કંઈ આથમણે ઓવારે રે...

# અમરેલીનાં કવિ હંસનું ગીત આઝાદીની લડતમાં પ્રસિધ્ધ થયુ હતું

### બ્રિટિસ હકુમત સામે બંડ પોકારતાં ગીતનાં લીધે કવિ હંસને અંગ્રેજાએ જેલમાં પુરી દીધા હતા

### કવિ હંસે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનાં સાંનિધ્યમાં વીતાવ્યો હતો સમય

### કવિ હંસે સ્વતંત્રતાનાં મહાસંગ્રામમાં અંગ્રેજોને પરેશાન કરી મુકયા હતા

### કવિ હંસનાં દળદાર કાવ્ય સંગ્રહ 'હંસમાન' ૮૮૦ પાનાનો ૧૯૩૮માં પ્રકાશિત થયો



અમરેલી, તા. ૧૪

'પરદેશી ભૂખ્યાં ટોપીવાળાનાટોળાંઊતર્યા, ઉતરિયા કંઈ આથમણે ઓવારે રે, પૂરી પનોતી બેઠી દેશની અટારીએ ભેરવના ભણકાર રે, ઘેરઘેર તેઘુવડબોલિયાં, રોવાલાગ્યાંાન ને શિયાળ રે... આ ગીત આઝાદીના લડવૈયાઓ માટે એવું તે પ્રચલિત થયું કે સ્વાતંત્ર્ય સેનાનીઓના માનસ પર પ્રસિદ્ધિ પામ્યું. પરિણામે અંગ્રેજ હકૂમતે આ ગીત લખનારા કવિને જેલમાં મોકલી દીધા. આ કવિ એટલે અમરેલીના હંસરાજ હરખજી કાનાબાર એટલે કે 'કવિ હંસ'

૧૫ ઓગષ્ટને દેશમાં સ્વાતંત્ર દિન તરીકે ઉજવવા માટે સમગ્ર દેશ થનગનાટ કરી રહ્યો છે ત્યારે આઝાદીની ચળવળમાં અનેક રત્નોએ પોતાનું યોગદાનઆપ્યું હતું. આઝાદી માટે પોતાના જીવન સહિત અનેક કુરબાનીઆપનારારત્નોનેયાદ કરવાનો અવસર છે.

'પરદેશી ભૂખ્યાં ટોપીવાળાનાં ટોળા ઊતર્યા,
ઉતરિયા કંઈ આથમણે ઓવારે રે,
પરદેશી ભૂખ્યાં ટોપીવાળાના ટોળા ઊતર્યા.
પૂરી પનોતી બેઠી દેશની, અટારીએ કંઈ ભેરવના ભણકાર રે... પરદેશી.
ઘેરઘેર તે ઘુવડ બોલિયાં, રોવા લાગ્યા ાન ને શિયાળ રે.... પરદેશી.
ધરતી રૂવે મેલીને ધ્રુસકાં, અધર્મીના આનંદનો નહિં પાર રે... પરદેશી.
આવ્યા ઓઢીને એવી કાંચળી, ઓળખાય નહિં ભારતમાં ભોરીંગ રે... પરદેશી...
એવે આવ્યા ગાંધીજી મોખરે દેશ આખાની ઉડાડી દીધી ઊંઘ રે.. પરદેશી.
પાયા ડગમગિયા બ્રિટિશ રાજના, ડોલતા એના સિંહાસન દેખાય રે.. પરદેશી....

આઝાદીની લડાઈમાં સૌરાષ્ટ્રના અમરેલીના કવિ હંસનું યોગદાન એવું હતુ કે, અંગ્રેજો તેનાથી પરેશાન થઈ ઉઠયા હતા. કવિ હંસના ગીતોએ અમરેલી અને સૌરાષ્ટ્રની સત્યાગ્રહની લડતો સમયે પ્રજામાં પ્રાણ પૂરવાનું કામ કર્યુ હતું.

સ્વતંત્રતાના મહાસંગ્રામમાં અમરેલી પુસ્તકમાં મહેબુબભાઈ દેસાઈએ કવિ હંસ વિશે લખ્યું છે કે, કવિ હંસરાજ હરખજીનો જન્મ ઈ.સ. ૧૮૯૨માં અમરેલીમાં થયો હતો. તેમનું શિક્ષણ મેટ્રિક સુધીનું હતું. છ વર્ષની વયે આંખો ગુમાવી દીધી હોવા છતાં પુરૂષાર્થ અને રાષ્ટ્રભાવનાથી રંગાયેલા કવિ હંસ આ ભૂમિનું ઘરેણું હતા. તેઓ રાષ્ટ્રપિતા ગાંધીજીના સાંનિધ્યમાં થોડો સમય આશ્રમમાં પણ રહ્યા હતા.

યુકેથી પ્રસિદ્ધ થતાં ઓનલાઈન ઓપિનિયન મેગેઝિનમાં દીપક મહેતાએ કવિ હંસ વિશે લખ્યું છે કે, કવિ હંસ એ અમરેલી શહેરમાં આવેલી ભાટિયા શેરીમાં એક મકાનમાં તેમના એકમાત્ર બહેન ગોદાવરી બહેન અને તેમના પતિ કાનજીભાઈ તથા ભાણેજ અમૃતલાલ સાથે રહેતા હતા. ત્યારબાદ સંગીતના ટ્યૂશન આપવા માટે તેમણે મુંબઈ પ્રસ્થાન કર્યુ હતું. કવિ હંસ લિખિત દળદાર કાવ્ય સંગ્રહ હંસમાન ૮૮૦ પાનાનો હતો અને તે વર્ષ ૧૯૩૮માં પ્રકાશિત થયો હતો.

કવિ હંસે, માતૃભાષા ઉપરાંત અંગ્રેજીમાં પણ કાવ્યો લખ્યા હતા. વર્ષ ૧૯૪૦માં અંગ્રેજીમાં દોઢસો કાવ્યો લખનારા કવિ હંસ સારા ગાયક પણ હતા. આઝાદીની આહેલકમાં કવિ હંસે સૌરાષ્ટ્રમાં પોતાના ગીતો અને કવિતાઓના જોરે મહત્વની ભૂમિકા ભજવી હતી.

કવિ હંસ વિશે અમરેલીના લેખક છેલભાઈ વ્યાસ હંસનામા રિપ્રિન્ટ અને સ્મરણ સંપદામાં બે લેખ લેખ્યા છે. તેઓ જણાવે છે કે, હંસ એ એક સમર્થ કવિ હતા. તેમની કવિતા અને ગીતોના કારણે તેમને અંગ્રેજોએ બેવાર જેલમાં મોકલ્યા હોવાનો ઈતિહાસ છે. અમરેલી શહેરમાં તેઓ જે ભાટિયા શેરીમાં રહેતા ત્યાં લોકપ્રિય કવિ રમેશ પારેખ પણ રહેતા હતા. 'છ અક્ષરનું નામ' એવા અમરેલીના કવિ રમેશ પારેખે આ વિસ્તારને કવિ હંસ માર્ગ તરીકે નામ અપાવ્યું હતું. કવિ હંસ સારા ગાયક હોવાની સાથે તેઓ સારંગી પણ વગાડતા હતા.

આ અંગે અમરેલીના ડો. ભરત કાનાબાર જણાવે છે કે, કવિ હંસ મારા પિતાના પિતરાઈ ભાઈ હતા. મારા પિતા મુંબઈથી અમરેલી આવી અને વસ્યા હતા જયારે કવિ હંસ અમરેલીથી મુંબઈ આવી અને ત્યાં સ્થાયી થયા હતા.

કવિ હંસના સૌથી શ્રેષ્ઠ પુસ્તક હંસનામામાં લોકપ્રિય ગીત ' ટોપીવાળાના ટોળા ઊતર્યા' પ્રતિબંધ હોવાથી પ્રથમ આવૃત્તિમાં પ્રકાશિત થયું નહોતું. પ્રાપ્ત વિગતો મુજબ તેમનું આ ગીત ગાંધીજીને પણ ખૂબ પ્રિય હતું.

અમરેલીમાં તેઓ રહેતા ત્યારે બ્રેઈલ લિપીની સગવડ ન હોવાથી તેમના મોટાભાગના સર્જનોને પ્રકાશન કરવાની તક મુંબઈ ગયા પછી મળી હતી. સારા ગાયક અને સંગીતકાર તરીકે નામના પ્રાપ્ત કરનાર હંસરાજ હરખજી કાનાબારનું અવસાન પણ ભજન ગાતી વેળાએ ભાવુક થઈ જતા થયું હોવાનું નોંધાયું છે.

અમરેલીના આ કવિ હંસના રાષ્ટ્રપ્રેમ અને ગીતો તેમજ કવિતાઓએ આઝાદીની ચળવળમાં સૌરાષ્ટ્રની ધરતી પર લડતનો દીવો પ્રજ્જ્વલિત રાખવામાં ઈંધણનું કામ કર્યુ હતું. આઝાદીના ૭૮ વર્ષ બાદ સ્વાતંત્ર્ય સંગ્રામના લડવૈયાઓને સાહિત્યકારો–કવિઓ શેર્યથી યાદ કરે છે.

**આલેખન:જય મિશ્રા**

---

### સારહિ કલબનાં પ્રમુખ મુકેશભાઈ સંઘાણીનાં માર્ગદર્શનતળે

## અમરેલીનાં સારહિ તપોવન આશ્રમ ખાતે શ્રી કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે

### આવતીકાલે રાત્રિનાં સંગીતસંઘ્યા અને બાદમાં જન્મોત્સવ

અમરેલી, તા. ૧૪

લોકકલ્યાણની અનેકવિધ સેવા પ્રવૃતિ કરી સંસ્થા સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમ ખાતે જન્માષ્ટમીના પાવન તહેવાર નિમીતે ભવ્ય કૃષ્ણ જન્મોત્સવનુ આયોજન કરવામા આવેલ છે તેમજ આ પ્રસંગે કૃષ્ણ ભગવાનના ભજનો, કૃષ્ણ ગીતો પ્રસ્તુતી થનાર છે.



જીવન સંઘ્યાએ પહોચેલા વડીલોની સેવા કરવાના સુંદર અભિગમ સાથે તૈયાર થઈ ચુકેલ સારહિ તપોવન આશ્રમના પ્રવેશતા વડીલો અહી એક તપસ્વી તરીકેની અનુભુતી પામે તેવુ દિવ્ય વાતાવરણ વચ્ચે કૃષ્ણ જન્મોત્સવનું આયોજન કરવામાં આવેલ હોય તેમજ આ પ્રસંગે આઠમની મધ્યરાત્રીયે આતશબાજી સાથે પરંપરાગત રીતરિવાજ પ્રમાણે ભવ્ય કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામા આવશે. સર્વ શ્રધ્ધાળુ ભકતોને વિનંતી છે કે પરિવાર સાથે પધારી, ભકિતભાવથી આ કાર્યક્રમમાં જોડાઈ ભગવાન શ્રી કૃષ્ણના આધ્યાત્મિક પ્રસંગનો લાભ લેવા તેમ સંસ્થાની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

### સમગ્ર માહોલ ભકિતમય બની ગયો

## બાબરાની વી.એલ. ગેલાણી વિદ્યાલયમાં જન્માષ્ટમી પર્વની આસ્થાભેર ઉજવણી

### સંસ્થાનાં પ્રમુખ કાળુભાઈ ગેલાણી પણ જોડાયા

બાબરા, તા. ૧૪

બાબરામાં વી એલ ગેલાણી વિદ્યાલયમાં જન્માષ્ટમીના પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી અહીં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કૃષ્ણ ભગવાન અને ગોવાળિયાની વેશભૂષામાં ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવના વધામણાં કરવામાં આવ્યા હતા કાન ગોપી રાસ મટકી ફોડ સહિતના કાર્યક્રમ યોજાયા હતા.



સંસ્થાના પ્રમુખ કાળુભાઈ ગેલાણી, અચાર્ય ઈલાબેન ગેલાણી, કેમ્પસ ડાયરેકટર દિનેશભાઈ કુબાવત, સુપરવાઈઝર દયાબેન કરકર સહિતના સમગ્ર સ્ટાફ ભકિતસભર કૃષ્ણ ભગવાનના જન્મોત્સવમાં જોડાતાં સમગ્ર વાતાવરણ ભકિતમય બન્યું હતું

---

### આરોપી દર્શન કરવા લઈ જવાનાં બહાનાતળે ઘરમાં ઘુસી ગયો

## હદ થઈ : ખાંભાનાં તાતણીયા ગામે ૭૫ વર્ષિય વૃધ્ધાની આબરૂ લેવાનો પ્રયાસ થતાં ચકચાર

### વૃધ્ધાને બથ ભરી છેડતી કર્યાની ફરિયાદ નોંધવામાં આવી

અમરેલી, તા. ૧૪

ખાંભા તાલુકાના તાતણીયા ગામે રહેતા એક ૭૫ વર્ષિય વૃધ્ધા પોતાના ઘરે એકલા હોય ત્યારે તે જ ગામે રહેતા આરોપી દર્શન કરવાના બહાને જઈ વૃધ્ધાના ઘરમાં જઈ વૃધ્ધાની એકલતાનો લાભ લઈ વૃધ્ધાની આબરૂ લેવાના ઈરાદે બથ ભરી લઈ છેડતી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ ખાંભા તાલુકાના તાતણીયા ગામે રહેતા નામના ૭૫ વર્ષિય વૃધ્ધા ગત તા. ૧૨ રોજ સવારના આશરે નવેક વાગ્યાની આસપાસ પોતાના ઘરે એકલા હોય ત્યારે તે જ ગામે રહેતા આરોપી અંકિતભાઈ પ્રવિણભાઈ ગોર નામનો ઈસમ દર્શન કરવાના બહાને જઈ વૃધ્ધાના ઘરમાં જઈ વૃધ્ધાની એકલતાનો લાભ લઈ વૃધ્ધાની આબરૂ લેવાના ઈરાદે વૃધ્ધાને બથ ભરી લઈ છેડતી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---

# અમરેલી : ખેડૂતના પુત્રોની ઇલેક્ટ્રોનિક સાયકલથી કરોડોનું ટર્નઓવર, ચાર મિત્રોની મહેનતનું ફળ









અમરેલી જિલ્લો કૃષિ માટે પ્રખ્યાત છે. અહીંના મોટા ભાગના પરિવારો ખેતીમાં જીવન નિર્વાહ કરે છે, પરંતુ આ જ માટીમાંથી કેટલાક યુવાનો પોતાની મહેનત અને બુદ્ધિથી નવી સિદ્ધિઓ હાંસલ કરે છે. એવા જ ચાર યુવાનો રામાણી દિગત ભરતભાઈ, દીપ રમેશભાઈ લીમ્બાચીયા, પિયુષ કિશોરભાઈ ભૂત અને તેમના એક સહયોગી મિત્ર ખેતીના ખેતરોમાંથી શરૂ કરીને આજે કરોડો રૂપિયાના ટર્નઓવર ધરાવતા સાયકલ મેન્યુફેક્ચરિંગ બિઝનેસના માલિક બની ગયા છે.

**સપનાની શરૂઆત દિગતભાઈની પ્રેરણાત્મક કહાની**

રામાણી દિગત ભરતભાઈ, અમરેલી તાલુકાના ચકરગઢ ગામના રહેવાસી, વર્ષ ૨૦૧૭માં ઓટો મોબાઈલ એન્જિનિયરિંગનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી પોતાના પરિવાર સાથે ખેતી કરતા હતા. અભ્યાસ દરમિયાન જ તેમની અંદર કંઈક નવું કરવા અને ઈનોવેશન લાવવાની ખેવના હતી. અભ્યાસ પૂર્ણ થયા પછી તેમણે વિચાર્યુ કે રોજિંદા મુસાફરી માટે સસ્તું, પર્યાવરણપ્રેમી અને આધુનિક સાધન વિકસાવવું જોઈએ. તેથી પોતાના ઘરના ખૂણામાં નાની વર્કશોપ બનાવી અને ઈલેક્ટ્રોનિક સાયકલ બનાવવાનો પ્રયોગ શરૂ કર્યો. ૮ થી ૯ મહિના સુધી અવિરત મહેનત, ડિઝાઈન ફેરફાર અને ટેકિનકલ ચકાસણી બાદ અંતે પહેલી પ્રોટોટાઈપ તૈયાર થઈ. જયારે આ સાયકલ ગામના લોકો સમક્ષ આવી ત્યારે ભારે ઉત્સાહ અને ગૌરવ અનુભવાયો. પરિવારજનો, આગેવાનો અને મિત્રોએ આ પ્રોજેકટને આગળ વધારવા માટે શુભેચ્છાઓ અને પ્રોત્સાહન આપ્યું.

**ટીમનું નિર્માણ ચાર મિત્રોની જોડાણ**

આ પ્રોત્સાહનથી દિગતભાઈએ વિચાર્યુ કે આ પ્રોજેક્ટને વધુ મજબૂત બનાવવા માટે ટીમ બનાવવી જોઈએ. ઓટોમોબાઈલ અને એન્જિનિયરિંગનો અભ્યાસ કરેલા ત્રણ મિત્રો સાથે મળીને તેમણે સાયકલ મેન્યુફેકચરિંગનો વ્યવસાય શરૂ કરવાનો નિર્ધાર કર્યો. અગામી ત્રણ વર્ષ સુધી આ ચારેય મિત્રોએ સાયકલ પર રિસર્ચ કર્યુ. બેટરીની લાઈફ, મોટરની કાર્યક્ષમતા, ફ્રેમની મજબૂતી, સલામતીના માપદંડ અને ગ્રાહકની જરૂરિયાતો દરેક મુદ્દે કામ થયું. સતત પ્રયોગો, ડિઝાઈન સુધારા અને ગુણવત્તા પરીક્ષણ પછી જ માર્કેટ માટે તૈયાર મોડેલ્સ બનાવવામાં આવ્યા.

**દીપ લીંબાસિયાની કહાની નોકરીમાંથી બિઝનેસ સુધી**

દીપ રમેશભાઈ લીંબાસિયા અમરેલી શહેરના વતની છે. તેમના પરિવારનો પણ મુખ્ય વ્યવસાય ખેતી છે. ૨૦૧૬માં બી.ઈ. મિકેનિકલ એન્જિનિયરિંગ પૂર્ણ કર્યા બાદ તેઓ નાની નોકરી કરી રહ્યા હતા. પરંતુ તેમના મનમાં હંમેશાં પોતાનો બિઝનેસ શરૂ કરવાની ઈચ્છા હતી. ૨૦૨૦માં જયારે તેમણે દિગતભાઈની બનાવેલી ઈલેક્ટ્રિક સાયકલ જોઈ ત્યારે તેઓ ખૂબ પ્રભાવિત થયા અને આ પ્રોજેકટ સાથે જોડાવાનું નક્કી કર્યુ. દીપભાઈ પાસે ટેક્નિકલ કુશળતા અને મેનેજમેન્ટની સમજ હતી, પરંતુ બિઝનેસ શરૂ કરવા માટે જરૂરી મૂડીનો અભાવ હતો. ત્યારે સદ્ભાગ્યે એક ઈન્વેસ્ટર તેમના સંપર્કમાં આવ્યા. આ ઈન્વેસ્ટરે તેમની વિચારધારા અને વિઝન પર વિાસ મૂકી રોકાણ કર્યુ. પરિણામે ૨૦૨૦માં સાયકલ મેન્યુફેક્ચરિંગ કંપનીની સત્તાવાર સ્થાપના થઈ.

**પિયુષ ભૂતની કહાની કોરોનાકાળની તક**

પિયુષ કિશોરભાઈ ભૂત એન્જિનિયરિંગ અભ્યાસ દરમિયાન જ ઈલેક્ટ્રિક સાયકલ બનાવવાના પ્રયોગો કરતા હતા. કોરોનાકાળ દરમિયાન વધેલા ખાલી સમયમાં તેમણે પોતાના મિત્ર સાથે સાયકલ બનાવી અને લોકોને બતાવી. પરિવાર, મિત્રો અને સગાં–સંબંધીનો ઉત્સાહ મળતાં ૨૦૨૦માં નાની કંપની શરૂ કરવામાં આવી.

**શરૂઆતનું વેચાણ અને વૃદ્ધિ**

કંપનીના પ્રથમ વર્ષ ૨૦૨૧માં આશરે ૨૦૦ સાયકલનું વેચાણ થયું. ગ્રાહકોના પ્રતિસાદ પરથી પ્રોડક્ટમાં સુધારા કરવામાં આવ્યા. સાદી સાયકલ, ગિયરવાળી સાયકલ અને ઈલેક્ટ્રિક સાયકલ એમ ત્રણ કેટેગરી લોન્ચ કરવામાં આવી. સાયકલના ભાવ ૧,૦૦૦થી ૩૫,૦૦૦ સુધી રાખવામાં આવ્યા, જેથી સામાન્ય પરિવારથી લઈને પ્રીમિયમ ગ્રાહક સુધી સૌ ખરીદી શકે. ૨૦૨૩માં સાયકલનું વેચાણ ઝડપથી વધ્યું. ડિજિટલ માર્કેટિંગ, સોશિયલ મીડિયા અને મોઢેથી મોઢે પ્રચાર થવાથી કંપનીના ઓર્ડર્સ વધતા ગયા. આજ રોજ કંપની દર વર્ષે ૩,૦૦૦ થી ૪,૦૦૦ સાયકલનું વેચાણ કરે છે.

**૨૦૨૫ ૧.૫૦ કરોડનું ટર્નઓવર**

માત્ર પાંચ વર્ષમાં જ કંપનીએ અભ્દૂત સફળતા મેળવી છે. ૨૦૨૫માં કંપનીનું વાર્ષિક ટર્નઓવર ૧.૫૦ કરોડ સુધી પહોંચી ગયું છે. આ સિદ્ધિ માત્ર આંકડો નથી, પરંતુ તેમાં ચાર યુવાનોની મહેનત, સંકલ્પ, ગુણવત્તા પ્રત્યેનો સમર્પણ અને ટીમવર્ક છુપાયેલું છે. દિગતભાઈ કહે છે, ''ગામમાં રહીને પણ વૈકિસ્તરની પ્રોડક્ટ બનાવી શકાય છે, જો સંકલ્પ મજબૂત હોય અને મહેનત અવિરત હોય.'' દીપભાઈ ઉમેરે છે, '' ફંડિંગનો અભાવ પડકારરૂપ હોઈ શકે, પરંતુ સાચી દિશા અને વિાસ મેળવનાર લોકો મળી જાય તો અવરોધ દૂર થઈ જાય છે.'' પિયુષભાઈનો મત છે, '' કોરોનાકાળે અમને સમય આપ્યો, અને અમે તેને તકમાં ફેરવી નાખી.''

**યુવાનો માટે સંદેશ**

આ ચાર મિત્રોનું જીવનપ્રેરક ઉદાહરણ સાબિત કરે છે કે પરિસ્થિતિ ભલે સામાન્ય હોય, પરંતુ જો જ્ઞાન, કુશળતા, મહેનત અને નવીન વિચાર સાથે આગળ વધો તો સફળતા અચૂક મળે છે. ખેતીના ખેતરોમાંથી શરૂ થયેલો આ ઈલેકિટ્રક સાયકલ બિઝનેસ આજે લાખો રૂપિયાનો બની ગયો છે અને આગામી વર્ષોમાં દેશ–વિદેશના બજારોમાં પ્રવેશવાનું લક્ષ્ય ધરાવે છે. આ કથા માત્ર એક સ્ટાર્ટઅપની નથી, પરંતુ ગ્રામ્ય વિસ્તારના યુવાનોની મહેનત, સંકલ્પ અને ઈનોવેશનથી ઉદ્ભવેલી નવી દિશાની છે. આશીભાઈ શીંગાળાએ જણાવ્યું કે તેઓ વ્યવસાયે ડિપ્લોમા એન્જિનિયર છે. પારિવારિક તેમજ મિત્રતાના સંબંધોને કારણે તેમના ત્રણ મિત્રો સાથે અવારનવાર મુલાકાત થતી રહેતી હતી. આ મુલાકાતોમાં વ્યવસાય સંબંધિત મુદ્દાઓ પર ચર્ચાઓ થતી અને પરસ્પર વિચારોની આપલે થતી. સમય જતાં આ ચર્ચાઓમાંથી એક વિાસપૂર્ણ સંબંધ ઉભો થયો. મિત્રો વચ્ચેનો આ મેળાપ માત્ર વ્યકિતગત જ નહીં પરંતુ વ્યાવસાયિક દિશામાં પણ આગળ વધ્યો. આશીભાઈએ જણાવ્યું કે લાંબા સમયથી ચાલતી આ ચર્ચાઓ દરમિયાન તેમના મનમાં નવા વ્યવસાયમાં જોડાવાની ઈચ્છા જાગી. મિત્રો સાથે મળીને વ્યવસાયના મોડેલ, શક્યતાઓ અને ભવિષ્યના આયોજન અંગે વિશદ ચર્ચા કર્યા બાદ તેમણે પોતાનો રોકાણ કરવાનો નિર્ણય લીધો. તેમના જણાવ્યા મુજબ, ૨૦૨૩માં તેઓ સત્તાવાર રીતે આ કંપનીમાં જોડાયા અને વ્યવસાયના વિકાસમાં પોતાનું યોગદાન આપવાનું શરૂ કર્યુ. તેમણે વધુમાં જણાવ્યું કે આ નિર્ણય માત્ર નફાકારકતા માટે જ નહીં પરંતુ મિત્રો સાથે મળીને એક સફળ સાહસ ઉભું કરવાની ભાવના સાથે લેવામાં આવ્યો હતો. તેમના મતે, વિાસ, પારદર્શિતા અને પરસ્પર સહકાર કોઈપણ વ્યવસાયની સફળતાના મુખ્ય આધારસ્તંભ છે.

# ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

## હાર્દિક શુભકામનાઓ...

ઈતની સી બાત હવાઓ કો
બતાયે રખના
રોશની હોગી, ચિરાગો કો
જલાયે રખના લહુ દેકર જીસકી
હિફાજત કી હમને
ઉસ તિરંગે કો આંખો મે બસાયે
રખના

Happy Independence Day



... શુભેચ્છક ...

**શ્રી અંબરીષભાઈ ડેર**

પ્રમુખ : ગુજરાત મેરી ટાઈમ બોર્ડ
કર્મચારી સંઘ મહામંડળ

# ૭૯માં સ્વાતંત્ર્ય દિવસ

નિમિત્તે

## હાર્દિક શુભકામનાઓ...

INDIA

શુભેચ્છક

જય જવાન — જય કિસાન

**શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ**
**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અમરેલી**

સાવરકુંડલા રોડ - અમરેલી
મુખ્યયાર્ડ ફોન : ઓ. (૦૨૭૯૨) ૨૯૫૫૫૫ : ૨૩૪૦૩૪ : ૨૩૪૦૪૪
સબયાર્ડ ફોન : ઓ. (૦૨૭૯૨) ૨૨૨૧૨૨ : ૨૨૩૨૧૩ : ૨૨૩૯૪૧

ખુલ્લી હરરાજી.... ખરો તોલ.... રોકડા નાણાં...

- ખેડૂતોએ પોતાની જણસ માર્કેટયાર્ડમાં વેચવાનો આગ્રહ રાખવો.
- ખેડૂતો વજનમાં છેતરાય નહીં તે માટે માર્કેટયાર્ડમાં ઈલેક્ટ્રોનીકસ કાંટા દ્વારા વજન કરવામાં આવે છે.
- જુના માર્કેટયાર્ડ (સબયાર્ડ)માં AToZ માર્કેટ, હોલસેલ શાકમાર્કેટ, હોલસેલ ફ્રુટ માર્કેટ તેમજ તમામ સુવિધાઓ સંપન્ન રીટેઈલ શાકમાર્કેટ શરૂ છે.

| તુષાર એચ. હપાણી<br>સેક્રેટરી | સુરેશભાઈ એમ. રોકડ<br>વા.ચેરમેન | શૈલેષભાઈ બી. સંઘાણી<br>ચેરમેન |
|---|---|---|

સમગ્ર બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીઓ

**શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ**
**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અમરેલી**

# ૭૯માં સ્વાતંત્ર્ય દિવસ

નિમિત્તે

## હાર્દિક શુભકામનાઓ...

"સ્વચ્છતા ત્યા પ્રભુતા" "સ્વચ્છ બાબરા" "સુંદર બાબરા"

## બાબરા નગર સેવા સદન - બાબરા

નગરપાલિકા દ્વારા "સર્વનો સાથ શહેરનો વિકાસ" "સ્વચ્છ બાબરા, સુંદર બાબરા" ઉક્તિને સાર્થક કરવા તમામ શહેરીજનોના સાથ અને સહકારની અપેક્ષા છે. ૧૫મી ઓગષ્ટ-૨૦૨૫ ના સ્વાતંત્ર્ય દિન નિમિત્તે નીચે મુજબનાં સંકલ્પ કરીએ.

(૧) નગરને સ્વચ્છ અને સુંદર બનાવવા સહયોગ આપીએ.
(૨) ઘરનો ભીનો કચરો-સુકો કચરો અલગ-અલગ કચરા પેટીમાં નાખીએ.
(૩) નગરપાલિકાની ડોર ટુ ડોર કચરાના કલેકશનની સુવિધાનો મહત્તમ લાભ લઈએ.
(૪) પ્લાસ્ટીકનાં ઝબલાનો બહિષ્કાર કરીએ.
(૫) નગરને હરીયાળુ બનાવવા વૃક્ષારોપણ કરીએ અને વૃક્ષને ઉછેરવાનો સંકલ્પ કરીએ.
(૬) પાણીનો કરકસર યુકત ઉપયોગ કરીએ અને તેનો બગાડ કરશો નહિ.
(૭) આવો આપણા નગરને ઝીરો વેસ્ટ ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત બનાવીએ.
(૮) નગરપાલિકાના કરવેરા નિયમિત ભરીએ.
(૯) કોરોના વાયરસનાં સંક્રમણથી બચવા સરકારશ્રીની ગાઈડલાઈનનું બિનચુક પાલન કરીએ.

:: શુભેચ્છક ::



શ્રી પ્રવિણભાઈ કરકર
પ્રમુખશ્રી

શ્રી અંકુરભાઈ જસાણી
ઉપપ્રમુખશ્રી





શ્રી આર.બી. વેકરીયા
ચીફ ઓફિસર

શ્રીમતિ લીલાબેન એ. મકવાણા
ચેરમેન : કારોબારી સમિતિ



**નગરપાલિકાના સભ્યશ્રીઓ..**

શ્રીમતિ જીજ્ઞાસાબેન ભુપતભાઈ સકોરીયા
શ્રીમતિ પ્રતીક્ષાબેન મુળશંકર તૈરૈયા
શ્રી ધર્મેશભાઈ લાભુભાઈ વાવડીયા
શ્રી બાવકુભાઈ દેવકુભાઈ બસીયા
શ્રીમતિ સોનીબેન અરવિંદભાઈ પરમાર
શ્રીમતિ ઉમાબેન વનરાજભાઈ વાળા
શ્રી વનરાજભાઈ વાલેરાભાઈ વાળા
શ્રી રમેશભાઈ છગનભાઈ તૈરૈયા
શ્રીમતિ શિલ્પાબેન દિપકભાઈ સિંઘવ
શ્રીમતિ કમળાબેન ભુપતભાઈ બસીયા
શ્રી નરેશભાઈ લખમણભાઈ મારૂ
શ્રી ખોડાભાઈ ભીખાભાઈ મકવાણા
શ્રીમતિ આશાબેન વસંતભાઈ તૈરૈયા
શ્રીમતિ વસીલાબેન આસીફભાઈ વાળા
શ્રી જગુભાઈ એભલભાઈ ખાદા
શ્રીમતિ કિંજલબેન ગંભીરસિંહ સોલંકી
શ્રી નિતિનભાઈ ચિમનભાઈ દસલાણીયા
શ્રીમતિ અનિતાબેન મહેશભાઈ ચૌહાણ
શ્રી ભરતભાઈ બાબુભાઈ રંગપરા
શ્રી શંભુભાઈ માવજીભાઈ પાંચાણી
શ્રીમતિ રેખાબેન લલીતભાઈ આંબલીયા

# ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

## હાર્દિક શુભકામનાઓ...



**પુ.સંતશ્રી ડો.રતિદાદા**
(સંસ્થાના શિલ્પી)



**શ્રી મહેશભાઈ મહેતા**
ડાયરેક્ટરશ્રી (ભારત ભૂષણ)

શુભચિંતક

ગાયત્રી સંસ્કાર વિદ્યાલય
હરીબા મહિલા કોલેજ
શ્રી રામ હોસ્પીટલ
માતા પિતાનું ઘર વૃધ્ધાશ્રમ
શિવ બાલાશ્રમ
શ્રી કૃષ્ણ ગૌશાળા
સંસ્કૃત શકિત ગુરૂકુળ
રક્ષા શકિત સ્કૂલ

**ગાયત્રી સંસ્કાર ધામ**
ધારી રોડ, ચલાલા,
તા.ધારી, જિ.અમરેલી.

# ૧૫ ઓગસ્ટ, સ્વાતંત્ર્યતા દિવસ




અમરેલી, તા. ૧૪

ભારત દેશનાં સ્વતંત્રતા દિવસ તરીકે ૧૫મી ઓગસ્ટનાં દિવસને ઉજવવામાં આવે છે. ઈ.સ. ૧૯૪૭નાં વર્ષમાં આ દિવસે અંગ્રેજોની ગુલામીમાંથી ભારત દેશ આઝાદ થયો હતો, આથી આઝાદીની લડતમાં સફળતા મળી અને સ્વતંત્રતા હાંસલ કરી તેની ખુશીમાં દર વર્ષે સ્વતંત્રતા દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસને ભારતભરમાં રાષ્ટ્રીય તહેવાર તરીકે જાહેર કરવામાં આવેલો છે. દેશનાં તમામ કાર્યાલયોમાં આ દિવસે જાહેર રજા આપવામાં આવે છે. આખા દેશમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ (રાજય સરકારો, જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતો) દ્વારા ધ્વજ વંદનનાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. મુખ્ય સમારંભ નવી દિલ્હીમાં ઉજવવામાં આવે છે જેમાં ભારતનાં વડાપ્રધાન લાલ કિલ્લા પરથી તિરંગો ફરકાવે છે અને પ્રજાજોગ સંદેશ આપે છે, જેનું ટેલિવિઝન પર જીવંત પ્રસારણ કરવામાં આવે છે. આ સંદેશામાં તેઓ સરકારની પાછલા વર્ષની સિદ્ધિઓ વર્ણવે છે, મહત્વનાં મુદ્દાઓ જણાવે છે અને વધુ પ્રગતિ તથા વિકાસ માટે દેશને પડકાર કરે છે. વડાપ્રધાન આઝાદીની ચળવળનાં નેતાઓને શહિદોને શ્રધ્ધાંજલિ આપે છે અને સ્વાતંત્ર્ય સેનાનિઓને યાદ કરે છે. ભારતની સાંસ્કૃતિક વિવિધતાનું પ્રદર્શન, વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રે દેશે કરેલી પ્રગતિ વિગેરેની ઝાંખી, ભારતની શસ્ત્ર તાકાતનું નિદર્શન અને દેશના સુરક્ષા દળોની પરેડ આ ઉજવણીનું અભિન્ન અંગ છે.

ભારતમાં બ્રિટીશ શાસનનાં મૂળ મજબુત થયા તેનું મુખ્ય કારણ ઈસ્ટ ઈન્ડીયા કંપની હતી. મુખ્યત્વે વ્યાપાર અર્થે ભારતમાં સ્થપાયેલી આ કંપનીએ ધીમે ધીમે સમગ્ર ભારતને પોતાના હસ્તક લઈ લીધું હતું ત્યારબાદ અસહકારની લડત, ચંપારણ સ્ત્યાગ્રહ, હિંદ છોડો આંદોલન, દાંડી કૂચ જેવા કેટકેટલા આંદોલનો કર્યા બાદ દેશને આઝાદીનો રસ ચાખવા મળ્યો અને એમાં પણ કોમી આંદોલનો અને અલગ રાષ્ટ્રની માંગને કારણે સ્વતંત્રતાનો આનંદ સંપૂર્ણ રીતે ન માણી શકાયો. આ વર્ષે જયારે ભારતની આઝાદીને ૭૫ વર્ષ પૂરાં થાય છે ત્યારે દેશને આઝાદી કાળથી નડતરરૂપ પ્રશ્નોનો હજુ સુધી નિરાકરણ નથી આવ્યું તે ખરેખર દુઃખની વાત કહેવાય પરંતુ સાથે જ ટેકનોલોજી અને સંરક્ષણની બાબતમાં દેશમાં ઘણી પ્રગતિ થઈ છે. વળી વર્તમાન સમયમાં પડતી કોરોનાની મુશ્કેલી સામે ભલે ઘણી બધી બાબતો સાથે પણ એક જ વર્ષની અંદર ભારત જેવા દેશમાં વેક્સીનેશન શરૂ થઈ ગયું છે તેનો હરખ પણ ઓછો ન જ ગણી શકાય. ૧૫ મી ઓગસ્ટને દિવસે ભારત સાથે અન્ય પાંચ દેશો બહેરીન, દક્ષિણ કોરિયા, ઉત્તર કોરિયા, લીક્ટેસ્ટીન અને કાંગો ગણરાજય પણ આઝાદ થયા હતા અને આ દેશો ભારત સાથે ૧૫મી ઓગસ્ટે જ પોતાનો સ્વાતંત્ર્ય ઉજવે છે.

## સ્વતંત્રતા દિવસ–કવિતા તમે

## નાગરિક ધર્મ નિભાવોને




તમે નાગરિક ધર્મ નિભાવોને
દેશ દેશ ખાલી શું કરો છો, તમારો દ્વેષ ઉતારોને
દેશ આગળ લઈ જવાં, સૌને ભાઈ–બહેન માનોને
૩૭૦ ૩૭૦ શું કરો છો, કાશ્મીર મુદ્દો પતી ગ્યો હાલો
માઁને રાજી કરવાં, નાત–ધર્મ–પ્રાંત–પક્ષ ફગાવોને
વિગુરૂ માત્ર સ્વપ્નવાથી થવાશે શું વિગુરૂ ?
ચા વેચતાં ઓલાં છોટુને, તમેય થોડું ભણાવોને
ગંદકી ગંદકી શું કરો છો, એમ થાશે ભારત સ્વચ્છ ?
તમારા મન અંદરની ગંદકીને, તમેય ઝાડું મારોને
સરકાર કરે સરકાર કરે, અસરકારક બોલ્યાં કરો
દેશ સોનાનગરી બનાવવાં, તમેય કામ આવોને
ભ્રષ્ટાચાર–કામચોરી કરવાંથી
સુધરશે શું સ્થિતિ ?
હું સુધરીશ દેશ સુધરશે, દાખલો બની બતાવોને
ગૌહત્યા અટકાવવાં ઘરેઘરે તમેય ગાય વસાવોને
રામમંદિર બન્યું એ સાથેસાથે, હૈયે ય રામ વસાવોને
મારે શું ?, મારૂ શું ?, હુ શું કરી શકું ? એ વિચાર્યા કર્યુ
યથા પ્રજા તથા રાજા, તમે નાગરિક ધર્મ નિભાવોને
ડાહી ડાહી ફિશિયારી તો બહુ કરી દેશભકિતની
મોબાઈલ ફોરવર્ડથી વધુ, અમલમાં મૂકી બતાવોને
ઉપાડનારાં ઉપાડશે ગોવર્ધન, બંધાશે સેતુબંધ પણ
ગોવાળ–ખિસકોલી બની, તમારૂ કર્મ યદિપાવોને

–મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)

# ભારત દેશમાં ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ બાદ નવા યુગની શરૂઆત થઈ છે

અમરેલી, તા. ૧૪

આઝાદી માટેના લાંબા અને કઠિન સંઘર્ષ પછી ભારતને ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ બ્રિટિશ શાસનથી આઝાદી મળી અને ૨૦૦ વર્ષથી વધુ વસાહતી શાસનનો અંત આવ્યો. તેની સાથે ભારતીય ઈતિહાસમાં એક નવા યુગની શરૂઆત થઈ.

દિલ્હીના લાલ કિલ્લા પર વડાપ્રધાન જવાહરલાલ નેહરૂ દ્વારા ભારતીય રાષ્ટ્રધ્વજ ફરકાવવાની સાથે ઉજવણીની શરૂઆત થઈ હતી. ધ્વજ એ ભારતની નવી–મળેલી સ્વતંત્રતા અને ભારતીય લોકોની આકાંક્ષાઓનું પ્રતીક હતું.

આ પ્રસંગે નેહરૂએ ઐતિહાસિક ભાષણ આપ્યું હતું. જેમાં તેમણે નવા સ્વતંત્ર દેશ સામેના પડકારો અને આધુનિક, લોકશાહી ભારત માટેના વિઝન વિશે વાત કરી હતી. તેમને તમામ ભારતીયો વચ્ચે એકતા અને સહકારનું મહત્વ, તેમના ધર્મ, જાતિ અથવા પ્રદેશ ને ધ્યાનમાં લીધા વિના ભાર મુકયો.

દેશભક્તિના ગીતો, સાંસ્કૃતિક કાર્યક્રમો અને મીઠાઈનું વિતરણ કરીને ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે જાહેર રજા તરીકે પણ મનાવવામાં આવ્યો હતો. દેશભરના લોકો પોતપોતાની રીતે ઉજવણી કરી હતી.

બંધારણમાં રાજયના વડા તરીકે રાષ્ટ્રપતિ, સરકારના વડા તરીકે વડાપ્રધાન અને લોકસભા (લોકોનું ગૃહ) અને રાજયસભા (રાજયોની પરિષદ)નો સમાવેશ કરતી બે–ચેમ્બર સંસદની જોગવાઈ થઈ. બંધારણમાં સમાનતાનો અધિકાર, વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા, અને માનવતાના અધિકાર સહિત મૂળભૂત અધિકારો અને સ્વતંત્રતાઓ પણ પ્રદાન કરવામાં આવી છે. પ્રેકિટસ કોઈ પણ ધર્મ. તેને એક સ્વતંત્ર ન્યાયતંત્રની પણ સ્થાપના કરી, જેમાં સર્વોચ્ચ અદાલત દેશની સર્વોચ્ચ અદાલત છે.

નવી સરકાર સામેના મુખ્ય પડકારોમાં એક ભારતમા અનેક ભાષાઓ, સમાજ, ધર્મ અને સંપ્રદાયો વચ્ચે વહેચાયેલો પરંતુ વિવિધતામા એકતાની સુગંધ પણ આવતી હતી. આ સ્થિતિ સામે એક સંયુક્ત અને સર્વસમાવેશક રાષ્ટ્રનું નિર્માણ કરવાનો મુદ્દો હતો. સરકારે રાષ્ટ્રીય એકતા અને સામાજિક ન્યાયને પ્રોત્સાહન આપવાના હેતુથી અનેક નીતિઓ અને કાર્યક્રમો રજૂ કર્યા.

બંધારણે ઐતિહાસિક રીતે વંચિત સમુદાયો, જેમ કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સભ્યો માટે શિક્ષણ અને સરકારી નોકરીઓમાં અનામતની જોગવાઈ પણ કરી છે. સરકારે જમીન સુધારણા પણ રજૂ કરી, જેનો ઉદ્દેશ્ય મોટા જમીનમાલિકો પાસેથી જમીન વિહોણા ખેડૂતોમાં જમીનનું પુનઃવિતરણ કરવાનો હતો.

સ્વતંત્રતાના શરૂઆતના વર્ષોમાં ભારતે વિદેશી બાબતોમાં બિન–જોડાણની નીતિને અનુસરી, અને તમામ દેશો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો જાળવી રાખવાની કોશિશ કરી. સરકારે આફ્રિકા અને એશિયાના ડિકોલોનાઈઝેશનમાં પણ સક્રિય ભૂમિકા ભજવી હતી અને વિશ્વભરમાં વિવિધ મુક્તિ ચળવળને સમર્થન આપ્યું હતું.

પુ બાપુની આગેવાનીમા અનેક નામી અનામી વંદનીય મહાપુરૂષોના કારાવાસ, શહાદત અને શહિદીના ભોગે આપણે સ્વતંત્ર થયા અને આપણને મહામુલી આઝાદી મળી, આઝાદી પછીના વર્ષોમાં દેશને અનેક પડકારોનો સામનો કરવો પડયો. દેશમાં ગરીબી અને અલ્પવિકાસના ઉચ્ચ સ્તર સાથે આર્થિક પડકારોનો પણ સામનો કરવો પડયો. તેની સાથે દેશમા હરીત ક્રાતિ અને શ્વેતક્રાંતિએ દેશની કૃષિ અને પશુપાલન ક્ષેત્રે ખુબ મોટી સફળતા આપી. એ વખતના કોંગ્રેસના મહાન નેતાઓની દુરંદર્શિતાને કારણે કૃષિ અને ઉદ્યોગને વિકાસ માટે એક બીજા પુરક બનાવ્યા અને તેના કારણે બન્ને ક્ષેત્રોમા ખુબ મોટી ક્રાંતિ લાવવામા સફળ દેશ સફળ રહ્યો. દુર્ભાગ્યવશ છેલ્લા ૧૧ વર્ષથી એકબાજુ દેશના પ્રધાનમંત્રી વારંવાર જાહેરમા કહે છે કે 'ખેડુત મારો આત્મા અને ખેડુત મારા અન્નદાતા' 'ધરતી પુત્રોનુ ભવિષ્ય મારે માટે શિરમોર છે' અને ડિસે ૨૦૨૨ સુધીમા ખેડુતોની આવક બમણી કરવાનુ વચન આપેલુ પરંતુ આજે દેશની કૃષિની હાલત કફોડી છે, કારણ કે આજે કૃષિ એ ઉદ્યોગનો પુરક નહી પરંતુ ખોરાક બની રહી છે. જેના કારણે ખેડુતોની સ્થિતિ પણ ગંભીર બની રહી છે. જેના કારણે કૃષિ વિકાસ અટકી રહ્યો છે.

આમ આઝાદીની શરૂઆતના પાંચ દાયકામા દેશમા લોકશાહીનો મજબુત પાયો બનવા માટે અને વૈશ્વિક વિકાસની ગતિ આપવા માટે ખુબ મહત્વના રહ્યા છ. તેને કારણે ભારતમા નવરત્ન, મહારત્ન અને મીની રત્ન સરકારી કંપનીઓની સ્થાપના થઈ, મોટી સિંચાઈ યોજનાઓ બની, IIM,IIT,AIIMS જેવી શૈક્ષણિક યુનિ.ઓની સ્થાપના થઈ તેને કારણે ભારત સામાજિક ન્યાય અને આર્થિક વિકાસ માટે મજબૂત પ્રતિબદ્ધતા સાથે જીવંત લોકશાહી દેશે શિક્ષણ, આરોગ્ય સંભાળ અને ઈન્ફ્રાસ્ટ્રકચર સહિતના વિવિધ ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ જોઈ છે.

બીજી બાજુ ભારતની આઝાદીના ૭૫ મા વર્ષમા આપણે એ કલ્પના કરી શકીએ ? કે ભારતના વિકાસનુ એન્જીન સમા ગુજરાતમા રાજય સરકાર ૬૦૦૦ સરકારી પ્રાથમિક શાળાને તાળા લાગે અને નવી જેલો ખોલાતી હોય. રાજયમા વર્તમાન સમયમા શિક્ષણની દુર્દશા જોઈને એ વિશ્વાસ થતો નથી કે આ એ જ ભારત છે. જયા તક્ષશિલા અને નાલંદા જેવી વિશ્વવિખ્યાત વિદ્યાપીઠો હતી. દેશની આ વર્તમાન સ્થિતિને નજર અંદાર કર્યા વગર માત્ર ભારત નિર્માણની કે આત્મનિર્ભરની વાતો કરવી એ જનતાની આંખમા ધુળ નાખવા બરાબર છે.

મારી સમજ કહે છે કે મારી સાચી આઝાદી આપણા બાળકોને ઘર આંગણે વિના મુલ્યે શિક્ષણ મળે અને કોઈ પણ ફરિયાદ વગર આરોગ્ય વિષયક સુવિધા મળે, પરિવારના સભ્યોની લાયકાત મુજબ રોજગારીના વિકલ્પો મળે અને પરિવારને સુરક્ષા મળે તે છે અને જે પ્રદેશ કે રાજયમા આ પાયાની સુવિધા ન મળે તે જનતા સાચી આઝાદીથી સંપુર્ણ વંચિત છે.

આઝાદીના મહાપર્વ નિમિત્તે આપણે સૌ ભારતવાસીઓ આઝાદીના મહાનાયકોનુ સ્મરણ કરીએ, શહિદોને શ્રધ્ધાંજલી અર્પિએ તેમને વંદન કરીએ, તેમની પ્રતિમા સામે વચનબદ્ધ બનીએ કે અમે ભારતની આ મહામુલી આઝાદીનુ હરસંભવ જનત કરીશુ, રાષ્ટ્ર વિરોધી તાકાત સામે માથુ નહી ઝુકાવીએ અને તિરંગાનુ સન્માન કરીશુ. માતૃભુમિ સાથે ઉભા રહીશુ અને આપ સૌના બલીદાનને એળે નહી જવા દઈએ. આઝાદી અમર રહો.. જય હિંદ.

**નિર્મળ વાટલિયા,**
**પ્રવક્તા–ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ.**
**પ્રમુખ–સાવરકુંડલા તાલુકા યુવક કોંગ્રેસ.**

## કિંમતી જમીન પધરાવી દેવાનાં કારસાને લઈને

# ગુજરાત યુનિવર્સિટીનાં કથિત ભ્રષ્ટાચાર સામે કોંગ્રેસનાં કાર્યકરોનું હલ્લાબોલ

## આગામી દિવસોમાં કોલેજ બંધ સહિતનાં કાર્યક્રમોની ચીમકી

અમદાવાદ, તા. ૧૪

ગુજરાત યુનિવર્સિટી બચાવો અભિયાન હેઠળ ગુજરાત કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ ઈન્દ્રવિજયસિંહ ગોહિલના નેતૃત્વમાં ગુજરાત યુનિવર્સિટીના ભ્રષ્ટાચારોની હારમાળા વિરૂધ્ધ પૂર્વ સિન્ડિકેટ સભ્ય, પુર્વ સેનેટ સભ્ય, વિધાર્થીઓ, એનએસયુઆઈ સાથે મળીને ઢોલ–નગારા સાથે હલ્લાબોલ કરવામાં આવ્યો હતો. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિને યુનિવર્સિટીમાં આચરાયેલા ઢગલાબંધ ભ્રષ્ટાચારના મુદ્દે જવાબ માંગવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ માટે થઈને કુલપતિને ૭૨ કલાકમાં યોગ્ય નિર્ણય લેવા માટે સમય આપવામાં આવ્યો છે. જો યોગ્ય નિર્ણય અને પગલા નહી લેવાય તો આગામી દિવસોમાં કોલેજ બંધ, ધરણા જેવા અનેક વિરોધ પ્રદર્શનો સાથે આક્રમક ગુજરાત યુનિવર્સિટી બચાવો આંદોલન કરવામાં આવશે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા સરકાર નિયુક્ત સિન્ડિકેટ સભ્ય આશિષ અમીન નીદ્રોણાચાર્ય રાઈફલ કલબને ૧૦૦૦૦ વાર જગ્યા ફાળવી દીધી. અમદાવાદના મધ્યમાં આવેલ ગુજરાત યુનિવર્સિટીની ૫૦૦ કરોડની જમીન મફતમાં સિન્ડિકેટ સભ્ય આશિષ અમીનની સંસ્થાને આપી દીધી છે. જે સંસ્થાના સંચાલક જમીન માંગે તે જ પોતે યુનિવર્સિટીમાં જમીન આપવાની કમિટીમાં બેસે તે વાડ જ ચીભડાં ગળી ગઈનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. આશિષ અમીનની સંસ્થાને આખેઆખું વિ કક્ષાનું સ્પોટર્સ કોમ્પ્લેકસ સિન્ડિકેટની સંસ્થાને અનુકૂળ પડે તેમ ગુજરાત યુનિવર્સિટી દ્વારા બાંધી આપશે, જે પહેલા સંસ્થા દ્વારા બાંધવાની શરત હતી. ટેન્ડરની શરત પ્રમાણે કોઈ પણ રાષ્ટ્રીય, અંતરરાષ્ટ્રીય શૈક્ષણિક, ટ્રેનિગ ઈવેન્ટ હોસ્ટ તરીકે સંસ્થા હોય તેમાં આવનારા પ્રતિનિધિની વૈભવી હોટેલમાં રહેવા, આલીશાન સ્પોર્ટ્સ હોસ્ટેલ તથા તેમના ખાણીપીણીની વ્યવસ્થા સંસ્થાને કરવાની જોગવાઈ બદલી તે ખર્ચ ગુજરાત યુનિવર્સિટી પોતે ઉઠાવશે જાણે કે યુનિવર્સિટીના આંગણે લગન હોય. આ કલબમાં ખાણીપીણી સાથે અપ્રયતન વ્યવસ્થાથી સજ્જ જિમાન્શિયમ સહિતની વ્યવસ્થા ટેન્ડરની પૂર્વશરત મુજબ ક્લબ દ્વારા કરવાની હતી તે શરત બદલીને તે ખર્ચ ગુજરાત યુનિવર્સિટીના માથે લઈ લીધો. વિજળી, હાઉસકીપીંગ (સાફસફાઈ), સિક્યોરિટી, પાણી, ડ્રેઈનેજની વ્યવસ્થા કલબ દ્વારા કરવાની શરત હતી તેને બદલી ગુજરાત યુનિવર્સિટી દ્વારા આ ખર્ચને ચૂકવવામાં આવશે. ગુજરાત યુનિવર્સિટીના કરોડો રૂપિયાના ખર્ચે વૈભવી કલબનું સંચાલન થશે.

ગુજરાત યુનિવર્સિટીના સરકાર નિયુકત સિન્ડિકેટ સભ્ય દ્વારા યુનિવર્સિટીના અધિકારી જોડે ૭૫ લાખની ખંડણી માંગવામાં આવી હતી, તે ઘટનાને ધ્યાનમાં રાખી હજી સુધી ગુજરાત યુનિવર્સિટીના સત્તાધીશો દ્વારા પોલીસ ફરિયાદ કેમ કરવામાં નથી આવી તે સવાલ કુલપતિને પૂછવામાં આવ્યો હતો.

ગુજરાત યુનિવર્સિટીની ૨૫૦ કરોડથી વધુ કિંમતની ૧૫૦૦૦ વાર જગ્યા રાધે એન્ટરપ્રાઈઝ, રાણીપને ભાડે અગીયાર મહિના માટે પધરાવી દીધી. જયારે કોમન એક્ટનો કાળો કાયદો લાગુ થયો ત્યારે વારંવાર ચિંતા વ્યકત કરવામાં આવી હતી કે યુનિવર્સિટીઓમાં લોકતંત્ર ખતમ થશે તો સત્તાધીશો યુનિવર્સિટીની જમીનનો વેપલો કરીને વેચી નાખશે. કોઈ પણ પ્રકારના ટેન્ડર વગર આટલી કિંમતી જમીન, રાધે એન્ટરપ્રાઈઝને ફાળવવામાં આવી તે મુદ્દે સવાલ કરવામાં આવ્યા હતા. ગુજરાત યુનિવર્સિટીમાં દલાતરવાડી જેવો તાલ છે લઈ લઉં બે ચાર ના લઈ જાવને દસ બાર.

ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલ જે અમારી માહિતી મુજબ ૨૫ કરોડના ખર્ચે બની હતી તેના રિનોવેશનમાં ૪૦ કરોડ ખર્ચાયા તેવો સવાલમાં કુલપતિએ સ્વીકાર્યું ૩૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જોરદાર કેહવાયને એક નવા કન્વેન્શન સેન્ટર જેટલો ખર્ચ રીનોવેશન. આ તે કેવો વહીવટ?

કુલપતિના પરિવારમાંથી કોઈનું ઓએનજીસીમાં કનેકશન છે કે શું ? શું તે કારણથી ઉચ્ચ હોદ્દા ઉપર ઊંચા પગાર એ તેમને ગોઠવી દેવામાં આવ્યા છે ? જી.યુ.સેકમાં શ્રી નિવાસ રાવ સુરેડ્ડી (સી.ઈ.ઓ), બિજીત અધિકારી (સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ), માનસિંગ રાઠોડ– (સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ), યુનિવર્સિટી ચીફ એકાઉન્ટ ઓફિસર દિનેશકુમાર, એસ્ટેટ ઓફિસર ચંદ્રશેખર ઝા. સેન્ટર ફોર પ્રોફેશનલ સ્ટડીઝ (સીપીસી), પાવન પંડિત ડાયરેક્ટર, રાજ ચાવલા, (ઈ.એમ.આર.સી), પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ, ઈન્ચાર્જ ડાયરેક્ટર ઈ.એમ.આર.સી. (બે જગ્યાએથી પગાર લે છે)

આ ભાઈ સીપીસીમાં એક વર્ષથી વધુ સમયથી પ્રોફેસર ઓફ પ્રેકિટસ છે અને તેનો પગાર પણ ચૂકવાય છે છતાં તેઓ કોઈ પણ પ્રકારની ટીચિંગ કામગીરી નથી કરી રહ્યા, તેઓ માત્ર ઈએમઆરસીમાં જ બેસી રહે છે અને ઈએમઆરસીમાંથી પણ પગાર ચૂકવાય છે. ગણેશ ચોકીયાલ પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ ગુજરાત યુનિવર્સિટી ઘણા લોકો માટે લાખેણી ગાય બની ગઈ છે, તેઓને લાખો રૂપિયામાં પગાર ચૂકવવામાં આવી રહ્યો છે જેની સામે તેઓની કામગીરી જરા પણ નોંધપાત્ર નથી, આ તમામ લોકોની જગ્યા પર પહેલા ગુજરાત યુનિ. ના કાયમી કર્મચારીઓ કામ કરતા જ હતા પણ તેમની જગ્યાએ બહારથી વધુ પગાર ચુકવીને લોકોને લાવવામાં આવ્યા છે, અમુક લોકોને એક જ સંસ્થામાં બે અલગ અલગ જગ્યાએથી પગાર ચુકવામાં આવી રહ્યો છે. એક વ્યકિત ઓફિસ સમય દરમ્યાન એક જ જગ્યા પર કામ કરી કરી શકે તો તેમને બે જગ્યાએથી પગાર કેવી રીતે ચૂકવી શકાય?

હાલમાં જો સરકાર દ્વારા યોગ્ય તપાસ કરવામાં આવે તો છેલ્લા અમુક સમય દરમ્યાન અનેક કર્મચારીઓને એક જ ઓફિસ સમય દરમ્યાન યુનિવર્સિટીમાં બે અલગ અલગ જગ્યાઓ પર કામ કરવાનો અલગ અલગ પગાર ચૂકવવામાં આવી રહ્યો છે.

શું ગુજરાત યુનિવર્સિટીની ૨૪૦ કરોડની ફિક્સ ડિપોઝિટ તોડવામાં આવી છે? શું વિવિધ પરીક્ષા કામગીરીના નામે ૬૦ લાખ રૂપિયા, યુનિવર્સિટીના ભથ્થા લેનાર કર્મચારીઓને વિશેષ ભથ્થાની લહાણી કરવામાં આવી હતી?

કુલપતિને સવાલ કરવામાં આવ્યો હતો કે યુનિવર્સિટી સ્પોર્ટ સંકુલ જાતે ચલાવે છે તેવો પરિપત્ર કરવામાં આવે છે અને બીજી બાજુ બેડમિન્ટન અને ટેનિસ કોર્ટમાં ખાનગી એકેડેમી વિદ્યાર્થીઓ પાસે મોટી રકમ ઉઘરાવી રહી છે.

આ કાર્યક્રમમાં કોંગ્રેસના મુખ્ય પ્રવકતા ડો. મનિષ દોશી, પ્રદેશ મહામંત્રી હિમાંશુભાઈ પટેલ, પાર્થિવરાજસિંહ કઠવાડિયા, નિકુંજ બલર, ઉમાકાન્ત માંકડ સહિત સિનિયર આગેવાનો, પુર્વ સેનેટ સભ્ય, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થી આગેવાનો, એન.એસ.યુ.આઈ.એ ભારે સૂત્રોચ્ચાર સાથે રેલી સ્વરૂપે યુનિવર્સિટી સત્તાધીશોનો જવાબ આપો, ભ્રષ્ટાચાર બંધ કરો, યુનિવર્સિટી બચાવોના નારા સાથે પહોંચ્યા હતા.

## જન્માષ્ટમી કાવ્ય

## હવે પાછો તું આવી જાને કાન્હા

હવે પાછો તું આવી જાને કાન્હા
વાયદો તારો તું નિભાવી જાને કાન્હા
તે કિધું તું કે જન્મીશ હું યુગે યુગે
સજજનોને તું બચાવી જાને કાન્હા
ગાયો તારી રખડે છે રસ્તે ને કપાય પણ
ગોવાળધર્મ તું બજાવી જાને કાન્હા
પોતાનાં જ ગોવર્ધનો નીચે દબાયાં છે સૌ
ટચલી આંગળી તું ઉઠાવી જાને કાન્હા
સુદામા તારો અટવાયો છે નોકર શાહીમાં
દ્વારે આવીને તું બોલાવી જાને કાન્હા
વાંસળી સૂર થયો છે બહેરો કળીયુગે
હવે સુદર્શન તું ચલાવી જાને કાન્હા
પાંડવોને ય હવે ખપે છે માત્ર અક્ષૌહિણી જ
તારૂ મહત્વ તું સમજાવી જાને કાન્હા
તારાં જ ભકતો લડે છે હવે તારાં જ નામે
ગૃહયુદ્ધ તું અટકાવી જાને કાન્હા
સટ્ટો, કુસંગ, લાલચ છે અધોગતિનું મૂળ
યુધિષ્ઠરને સત્ય તું સમજાવી જાને કાન્હા
વિભીષણ જેમ કર્ણ, ભીષ્મ ય કરે છે પક્ષપલ્ટો



સતાનું નવું ગણિત તું ભણાવી જાને કાન્હા
કુદરતી–માનવસર્જિત આપદાથી ત્રસ્ત છે વિ
રામ રાજય પાછું તું સ્થાપી જાને કાન્હા
હવે પાછો તું આવી જાને કાન્હા

–મિતલ ખેતાણી
(રાજકોટ, મો. ૯૮૨૪૨૨૧૯૯૯)

## ભારતીય જનતા પાર્ટીનાં કાર્યકરો દ્વારા

# અમરેલી શહેરમાં 'હર ઘર ત્રિરંગા' અંતર્ગત તિરંગાનું વિતરણ

## પાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી પણ જોડાયા



અમરેલી, તા. ૧૪

અમરેલી શહેરનાં લોકોને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો ધ્વારા 'હર ઘર ત્રિરંગા' અભિયાન હેઠળ અમરેલી શહેરના પ્રથમ નાગરિક એટલે કે અમરેલી નગરપાલિકાના પ્રમુખ બિપીનભાઈ લીંબાણી તથા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અશ્વિનભાઈ ગોસાઈ તથા લીગલસેલ કન્વીનર પિયુષભાઈ શુકલની ઉપસ્થિતિમાં ત્રિરંગા ધ્વજનું વિતરણ કરવામાં આવ્યું. આ અભિયાનમાં ભારતીય જનતા પાર્ટીનાં સકિય કાર્યકરો તુષાર વાણી, જીજ્ઞેશ દમુડા, ભાવેશભાઈ વાળોદરા, નિતીન હિરાણી, મયુરભાઈ ખાનપરા, ગૌરવ મહેતા, પંકજભાઈ વાળા, રાહુલ ટીમાણીયા સહિતનાં કાર્યકરો ધ્વારા સૌ કોઈ ઘરે–ઘરે ૭૯માં સ્વાતંત્રય પર્વ નિમિતે ત્રિરંગા ધ્વજ લહેરાવે તે હેતુથી આ અભિયાનમાં જોડાયેલ હતા.

# સાવરકુંડલા : શીતળા માતાના મંદિર આસપાસના વિસ્તારમાં પાલિકા દ્વારા સફાઈ કાર્ય



સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા શહેરમાં નગરપાલિકા વોર્ડ નં ૩ મત વિસ્તારમાં શીતળા સાતમના પર્વને અનુલક્ષીને શીતળામાતાના મંદિરના પુજારી વિપુલગીરીની રજૂઆત હોવાથી શીતળામાતાના મંદિરના આજુબાજુના વિસ્તારની નગરપાલિકા દ્વારા સફાઈ કરવામાં આવેલ તેમજ આ તકે સાવર સ્મશાનમાં સફાઈ તેમજ પીપરવાડીમાં ગટરની સફાઈ નગરપાલિકા દ્વારા સદસ્ય પિયુષભાઈ મશરૂ, કમલેશભાઈ રાનેરાના દેખરેખ હેઠળ આ સફાઈ અભિયાન હાથ ધરાયું આ તકે વિપુલભાઈ ઝંઝવાડીયા તેમજ શીતળા માતા યુવક મંડળ તેમજ સ્થાનિક મિત્ર મંડળે નગરપાલિકાની કામગીરી બિરદાવી સંતોષ વ્યકત કર્યો હતો.

## જન્માષ્ટમીથી દિવાળી સુધીનાં તહેવારોમાં

# જનતાને વ્યાજબી ભાવે ઉત્તમ ગુણવત્તાનાં મીઠાઈ અને ફરસાણ મળે તે માટે માટે બેઠક યોજાઈ

## સાવરકુંડલાનાં મામલતદારનાં અધ્યક્ષે બેઠક યોજાઈ

સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા જન્માષ્ટમી દિવાળી સુધીના તહેવારો દરમિયાન લોકોને વ્યાજબી ભાવે તથા સારી કવોલિટી સાથે મીઠાઈ ફરસાણ મળી રહે તે માટે મામલતદારની અધ્યક્ષતામાં ફૂડ ઈન્સ્પેકટર તોલમાપ ઈન્સ્પેકટર તથા પુરવઠા મામલતદાર તથા ગ્રાહક સુરક્ષા મંડળ સાવરકુંડલાના રમેશભાઈ હિરાણી અને ડો. રવિભાઈ મહેતા સાથે મીઠાઈ ફરસાણના વેપારીઓની એક મીટીંગ સોમવારે રાખવામાં આવી હતી.



ખાસ તો આ તહેવારની સિઝનમાં લોકોને વ્યાજબી ભાવે ગુણવત્તાસભર મીઠાઈ, ફરસાણ મળી રહે તેનું ધ્યાન રાખવા મિટિંગમાં મીઠાઈ ફરસાણના વેપારીઓએ સહકાર આપવાની વાત થઈ.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### કિશ્તવાડ દુર્ઘટના પર વડાપ્રધાન મોદીએ દુઃખ વ્યક્ત કર્યું

# જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડમાં પૂરથી ભારે વિનાશ, મૃત્યુઆંક ૪૦ થયો

## ચિશોતી ગામમાં મચૈલ માતાના મંદિર નજીક આભ ફાટ્યાની સ્થિતિ સર્જાતાં ફ્લેશ ફ્લડ આવ્યું હતું : પૂરની સ્થિતિને કારણે લોકો માટે કપરી સ્થિતિ સર્જાઈ હતી

જમ્મુ, તા.૧૪

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લાના પડ્ડર સબ ડિવિઝન વિસ્તારમાં આભ ફાટતાં વિનાશક દશ્યો સર્જાયા છે. અહીં ચિશોતી ગામમાં મચૈલ માતાના મંદિર નજીક આભ ફાટ્યાની સ્થિતિ સર્જાતાં ફ્લેશ ફ્લડ આવ્યું હતું. અચાનક પૂરની સ્થિતિને કારણે લોકો માટે કપરી સ્થિતિ સર્જાઈ હતી. અત્યાર સુધી ૪૦થી વધુ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. જેમાં CISFના ૨ જવાન પણ સામેલ છે. જ્યારે ૧૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. જેમાં અનેક લોકો ગંભીરરીતે ઈજાગ્રસ્ત છે. આ સિવાય કિશ્તવાડમાં ૨૨૦થી વધુ લોકો ગુમ છે. તંત્રએ જણાવ્યું છે કે, રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે અને ઘટનાથી જોડાયેલી અન્ય માહિતી એકત્રિત કરાઈ રહી છે.

આ મામલે ખુદ કેન્દ્રીય ગૃહમંત્રી એક્ટિવ થયા હતા અને તેમણે જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ સાથે વાતચીત કરીને સ્થિતિનો તાગ મેળવ્યો હતો. ઉલ્લેખનીય છે કે મચૈલ માતાના મંદિરે યાત્રા ચાલુ હોવાથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓની હાજરી હતી જેના કારણે મૃતકાંક વધવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. હાલમાં એનડીઆરએફ અને અન્ય બચાવ એજન્સીઓ રાહત અને બચાવની કામગીરી કરી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જમ્મુ કાશ્મીરના કિશ્તવાડમાં વાદળ ફાટવા અને પૂરની ઘટના પર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, આ સંકટથી અસરગ્રસ્ત તમામ લોકોની સાથે તેમની સંવેદનાઓ છે. વડાપ્રધાને જણાવ્યું કે, પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. રાહત-બચાવ કામગીરી ચાલી રહી છે. તેમણે ભરોસો વ્યક્ત કર્યો છે કે જરૂરિયાતમંદ લોકોને તમામ સંભવ મદદ કરવામાં આવશે.

કિશ્તવાડમાં હાલની સ્થિતિ અને ચિશોતીમાં વાદળ ફાટવાથી આવેલા પૂરને જોતા કિશ્તવાડમાં પોલીસ અને જિલ્લા તંત્રએ આખા જિલ્લામાં કંટ્રોલ રૂમ અને હેલ્પ ડેસ્ક એક્ટિવ કરી દીધા છે. તમામ સબ-ડિવિઝનને હાઈએલર્ટ પર રખાયા છે. ઈમરજન્સી સ્થિતિથી લડવા માટે વિશેષ પોલીસ ટીમો તૈનાત કરાઈ છે, જે આ સ્થિતિ પર તાત્કાલિક કાર્યવાહી કરશે.

કિશ્તવાડમાં વાદળ ફાટવાથી અચાનક આવેલા પૂર બાદ જમ્મુ અને કાશ્મીર વહીવટીતંત્રે અસરગ્રસ્ત લોકો અને યાત્રાળુઓને મદદ કરવા માટે કંટ્રોલ રૂમ કમ હેલ્પ ડેસ્ક બનાવ્યું છે. ચિશોતી ગામથી લગભગ ૧૫ કિમી દૂર પદ્દરમાં કંટ્રોલ રૂમ સ્થાપવામાં આવ્યો છે, જ્યાં આ આફત આવી હતી. કંટ્રોલ રૂમ માટે ૪ અધિકારીઓને ફરજ પર મૂકવામાં આવ્યા છે. સહાય માટે આ નંબરો જારી કરવામાં આવ્યા છે. ૯૮૫૮૨૨૩૧૨૫, ૬૦૦૬૭૦૧૯૩૪, ૯૭૯૭૫૦૪૦૭૮, ૮૪૯૨૮૮૬૮૯૫, ૮૪૯૩૮૦૧૩૮૧, ૭૦૦૬૪૬૩૭૧૦. આ સિવાય જિલ્લા કંટ્રોલ રૂમના નંબર ૦૧૯૯૫-૨૫૯૫૫૫ અને ૯૪૮૪૨૧૭૪૯૨ છે, જ્યારે કિશ્તવાડ પોલીસ કંટ્રોલ રૂમના નંબર ૯૯૦૬૧૫૪૧૦૦ છે. જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકતાં લખ્યું કે ચિશોતી કિશ્તવાડમાં આભ ફાટતા વ્યથિત છું. શોક સંતપ્ત પરિવારો પ્રત્યે સંવેદના અને ઘાયલોના શીઘ્ર સ્વસ્થ થવાની પ્રાર્થના કરું છું. સિવિલ, સેના, પોલીસ, એનડીઆરએફ અને એસડીઆરએફ અધિકારીઓને બચાવ તથા રાહત અભિયાનને ઝડપી કરવા અને દરેક અસરગ્રસ્તોને સંભવ સહાય કરવા નિર્દેશ આપું છું. આ ઉપરાંત કાશ્મીરના રાજૌરી અને મેંઢરમાં પણ આભ ફાટ્યાની સ્થિતિ સામે આવી છે. ઘટનાની જાણકારી મળતાં મંત્રી જિતેન્દ્ર સિંહ પણ એક્ટિવ થયા હતા.

તેમણે આ મામલે કહ્યું કે નુકસાનનું આકલન કરવામાં આવી રહ્યું છે. દરેક સંભવ મદદ પહોંચાડવાના પ્રયાસો હાથ ધરાયા છે. તેમણે જણાવ્યું કે, જમ્મુ-કાશ્મીરના વિપક્ષના નેતા અને સ્થાનિક ધારાસભ્ય સુનીલ કુમાર શર્મા પાસેથી આ સમાચાર મળ્યા બાદ તેમણે કિશ્તવાડના ડીસી પંકજ કુમાર શર્મા સાથે વાતચીત કરી છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું છે કે, "જમ્મુ-કાશ્મીરના વિપક્ષના નેતા અને સ્થાનિક ધારાસભ્ય સુનીલ કુમાર શર્મા પાસેથી વાદળ ફાટવાના સમાચાર મળ્યા ડીસી કિશ્તવાડ પંકજ કુમાર શર્મા સાથે વાત કરી. ચશોટી વિસ્તારમાં એક મોટું વાદળ ફાટ્યું છે, જેના કારણે ભારે નુકસાન થઈ શકે છે. વહીવટી તંત્રએ તાત્કાલિક પગલાં લીધાં છે. બચાવ ટીમો ઘટનાસ્થળે રવાના થઈ ગઈ છે. નુકસાનનું મૂલ્યાંકન અને જરૂરી બચાવ તેમજ તબીબી વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

## આજે શીતળા સાતમ ઘણાં પ્રદેશોમાં સુદ શીતળા સાતમ પણ મનાવવામાં આવે છે

અમરેલી, તા. ૧૪

એક પ્રૌઢ ઉમરનાં બેન મોંઘીબેને વાર્તા માંડી. તેની આસપાસ બાયું ઘૂમરો વળીને બેઠી હતી. એક ગામમાં ડોશીમા પોતાના બે દીકરા વહુઓ સાથે રહેતા હતા. તેમાં મોટી બહુ ભારે અદેખી. અને નાની વહુ સીધી સાદી હતી. બંને દેરાણી જેઠાણીને એક એક દીકરો હતો.

રાંધણ છઠનો દિવસ આવ્યો. નાની વહુ શીતળા સાતમનું વ્રત કરવા માટે રાંધણ છઠને દિવસે રાંધવા બેઠી. જેથી બીજા દિવસે ટાઢું જમી શકાય. એનો છોકરો ઘોડિયામાં સૂતો હતો. નાની વહુને રાંધતા રાંધતા મધરાત થઈ ગઈ. તોય હજી રાંધવાનું બાકી હતું. એટલામાં છોકરો રડવા લાગ્યો. એટલે નાની વહુ એ રાંધવાનું પડતું મૂકી અને છોકરા પાસે ગઈ અને પડખે સુતા સુતા છોકરાને ધવડાવવા લાગી. ધવડાવતા ધવડાવતા તેની આંખ મળી ગઈ અને તે સૂઈ ગઈ.

મધરાત થતા શીતળામાં ફરવા નીકળ્યા. નાની વહુના ઘરમાં ચૂલો સળગતો જોઈ તેઓ ગુસ્સે થયા. તેઓ તેમાં આળોટિયા અને દાઝ્યા. એમણે શ્રાપ આપ્યો. જેવું મારૂ શરીર બળ્યું તેવું તારૂ પેટ બળજો. શીતળામાં તો શ્રાપ આપીને ચાલતા થયા. નાની વહએ સવારે ઊઠીને જોયું તો પોતાના પડખામાં સૂતેલો છોકરો બળીને ભડથું થઈ ગયો. તેને પોતાની ભૂલ સમજાય. તેને લાગ્યું કે નક્કી શીતળામાં કોપાયમાન થયા છે. એ માથું કૂટવા લાગી. એને રડતી સાંભળી એની જેઠાણી અને સાસુ દોડતા દોડતા ત્યાં આવી પહોંચ્યા. તેઓ છોકરાને જોઈ બોલ્યા: નાની વહુ સળગતો મૂકીને સૂઈ ગઈ હશે. તું તારા છોકરાને લઈને શીતળામાની ડેરી પાસે જા. અને તારી ભૂલ કબુલ કરીને એમને માફી માગ. મા તારી ઉપર દયા કરશે.

નાની વહુ તો છોકરાને ટોપલામાં નાખી ચાલી નીકળી. રસ્તામાં એક તળાવ આવ્યું. નાની વહુ તળાવ પાસે ટોપલો ઉતારી તળાવમાંથી પાણી પીવા ગઈ કે તરત તળાવમાંથી અવાજ આવ્યો. એ બાઈ તુ આ તળાવનું પાણી પીશ તો મરી જઈશ. તું શા માટે રડે છે? એ તો કહે? એટલે નાની બોલી: શીતળામાં મારી ઉપર , કોપાઈમાન થયા છે. એટલે તેમણે મારા છોકરાને બાળી મૂકયો છે. હું તમની માફી માગવા જાઉં છું.

બેન તું શીતળામા પાસે જાય તો મારૂ પણ પૂછતી આવજે ને કે અમે એવા તે પાપ કર્યા હશે કે કોઈ અમારૂ પાણી જ પીતું નથી. અને જો કોઈ પાણી પીએ છે તો મરી જાય છે.

નાની વહુએ તો પાણી પીધા વગર ટોપલો માથે ચડાવ્યો. અને રડતી રડતી આગળ ચાલવા લાગી. આગળ જતા રસ્તામાં તેને બે આખલા મળ્યા. તેમના ગળામાં ઘંટીનું એક એક પડ હતું. તેઓ લડતા હતા. નાની વહુને જોઈને આખલા બોલ્યા: બેન તો કેમ રડે છે.? મારો દીકરો બાલી ગયો છે. એટલે શીતળામાની માફી માગવા જાઉં છું.

: તો બેન, શીતળામાને અમારૂ પણ પૂછતી આવજે ને કે અમારા કયા પાપને લીધે અમારા ગળામાં ઘંટીના પડ બાંધ્યા છે? અને અમે શા માટે લડયા કરીએ છીએ !?

સારૂ કહેતી નાની વહુ ત્યાંથી આગળ ગઈ. થોડે દૂર ગઈ ત્યાં ઝાડ નીચે એક મેલીઘેલી ડોશીમાં માથું ખંજવાળતા બેઠા હતા.

: એ, માથું મારૂ જોતી જાને. નાની વહુને જવાની ઉતાવળ હતી. છતાં તે પોતાના છોકરાને ડોશીમાના ખોળામાં મૂકી તેમનું માથું જોવા માંડી.

તેણે ડોશીમાના માથામાંથી ઝીણી ઝીણી લીખો અને જુઓ કાઢી. અને મારી નાખી. આથી ડોશીમાના માથાની ખંજવાળ ઓછી થઈ. નાની વહુને આશીર્વાદ આપતા કહ્યું. જેવું મારૂ માથું ઠર્યું તેવું તારૂ પેટ ઠરજો. આટલું બોલતામાં તો ચમત્કાર સર્જાયો. છોકરો સજીવન થઈ ગયો. કિલકિલાટ કરવા માંડયો. નાની વહુ પામી ગયી. એને ખાતરી થઈ ગઈ કે આ ડોશીમાં બીજું કોઈ નહીં પણ શીતળામા જ છે.

તે શીતળામાના ચરણોમાં ઢળી પડી. ડોશીની જગ્યાએ એકદમ પ્રકાશ પથરાયો. અને તેની જગ્યાએ શીતળામા ઉભા રહી ગયા. દર્શન કરી તેમની માફી માગી. પછી તળાવના પાણી વિશે પૂછતા શીતળામાં એ કહ્યાં: બેટી, તે ગયા ભવમાં તળાવ એક સ્ત્રી હતી. એ બહુ અદેખી હતી. તેને ત્યાં કોઈ ચીજ વસ્તુ લેવા આવે તો એ કોઈને આપતી નહીં. સવારમાં વલોણું કર્યા પછી કોઈ છાશ લેવા આવે તો તે પાણી નાખીને છાશ આપે. તેના પાપનો નિવારણ એ છે કે તું એ તળાવનું પાણી ખોબામાં લઈ ચારે દિશાઓમાં છાંટે અને પછી તું પાણી પીએ તો પશુ પક્ષીઓ અને વટેમાર્ગુઓ તેનું પાણી પી શકશે. નાની વહુએ પછી પેલા બે આખલાની વાત પૂછી. ત્યારે શીતળામાં એ કહ્યું બેટી આ બંને આખલાઓ ગયા ભવમાં દેરાણી જેઠાણી હતા. તેઓ એટલા બધા ઈર્ષાળુ હતા. કે અડોસ પડોશના કોઈ તેમના ઘેર દળવા ખાંડવા આવે તો બંને જણા તેમનું અપમાન કરીને કાઢી મુકતા. એટલે આ ભવમાં તેઓ આખલા થયા છે. તો એમને પાસે જઈને ગળામાં રહેલી ઘંટીના પડ છોડી નાખે તો તેઓ સંપીને રહેશે. આટલુ કહી શીતળામાં અંતર ધ્યાન થઈ ગયા.

નાની વહુ રાજી થતી પોતાના દીકરાને લઈને પાછી વળી. રસ્તામાં તેને પહેલા બે આખલાઓ મળ્યા. તેમને શીતળામાની વાત કઈ સંભળાવી. અને ગળેથી ઘંટીના પર છોડી દીધા. આથી તેઓ લડતા બંધ થઈ ગયા. આગળ જતાં પેલું તળાવ આવ્યું. વહુ તળાવ પાસે આવી .શીતળામાની વાત સંભળાવી. પછી તેમના શ્રાપનું નિવારણ માટે તળાવમાંથી ખોબો ભરી પાણી લઈ ચારે દિશામાં છાંટયુ .પછી એ તળાવનું પાણી પોતે પીધું. ત્યાં તો ચારે દિશાઓમાંથી પક્ષીઓ પાણી પીવા માટે આવવા લાગ્યા. દીકરાને લઈને પોતાના ઘેર આવી. ઘેર આવીને એણે પોતાના છોકરાના સાસુમાના ખોળામાં મૂકી દીધો. સાસુમા તો છોકરાને સજીવન જોઈને રાજી રાજી થઈ ગયા. હે, શીતળામા જેવા નાની વહુને ફળ્યા એવા સૌને ફળજો.

–દિપ્તીબેન પી. રાવલ, ઉપલેટા

### એક કરતા વધારે બૂથ પર ૬૫૫ લોકોના નામ

# બિહારમાં ખુલ્લેઆમ મત ચોરીનો ખેલ! ભાજપના નેતાએ જ ફોડ્યો ભાંડો

## આ બધા લોકોના નામ એક જ વિધાનસભા મતવિસ્તારના અલગ અલગ બૂથ પર નોંધાયેલા છે

બિહાર, તા.૧૪

બિહાર: રાજ્યમાં ચાલી રહેલા મતદાર યાદી સુધારણા અભિયાન દરમિયાન એક મોટો મામલો સામે આવ્યો છે. બિહારના દરભંગામાં, એક જ વિધાનસભા મતવિસ્તારના સેંકડો લોકોના નામ મતદાર યાદીમાં બે કે તેથી વધુ જગ્યાએ નોંધાયેલા જોવા મળ્યા છે. આ ખુલાસો ભારતીય જનતા પાર્ટીના BLA-૧ લાલન કુમારે કર્યો છે. આ સમગ્ર મામલાએ ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા પર સવાલ ઉભા કર્યા છે.

લાલન કુમારે આ સંદર્ભમાં દરભંગા જિલ્લા ચૂંટણી અધિકારીને પત્ર લખ્યો છે. પત્રમાં તેમણે જણાવ્યું હતું કે, સર્વેક્ષણ દરમિયાન, ૬૫૫ લોકોના નામ મતદાર યાદીમાં બેવડી એન્ટ્રી સાથે નોંધાયેલા મળી આવ્યા હતા. આશ્ચર્યજનક વાત એ છે કે, આ બધા લોકોના નામ એક જ વિધાનસભા મતવિસ્તારના અલગ અલગ બૂથ પર નોંધાયેલા છે.

આ યાદીમાં સમાવિષ્ટ બધા લોકો એક ચોક્કસ સમુદાયના હોવાનો આરોપ છે. કેટલાક કિસ્સાઓમાં, એક જ વ્યક્તિનું નામ ફક્ત બે જગ્યાએ નહીં, પરંતુ બેથી વધુ જગ્યાએ નોંધાયેલું જોવા મળ્યું છે. આનાથી ચૂંટણી દરમિયાન મત ચોરી અને નકલી મતદાનની શક્યતા વધુ ઘેરી બની છે. લલન કુમારે પોતાના પત્રમાં લખ્યું છે કે, આ મામલો ચૂંટણીની નિષ્પક્ષતા પર સીધો હુમલો છે અને તે લોકશાહી પ્રક્રિયાને અસર કરી શકે છે. તેમણે જિલ્લા ચૂંટણી અધિકારીને તાત્કાલિક તપાસ કરવા અને કાર્યવાહી કરવા વિનંતી કરી છે, જેથી નકલી મતદાન કરવાનો કોઈપણ પ્રયાસ અટકાવી શકાય. મળતી માહિતી અનુસાર, BLA-૧ એ આ બાબત સાથે સંબંધિત ૬૫૫ લોકોના સંપૂર્ણ નામોની યાદી જિલ્લા ચૂંટણી અધિકારીને સુપરત કરી છે. આમાં દરેક વ્યક્તિનું નામ, પિતાનું નામ અને બંને બૂથના સીરીયલ નંબર સ્પષ્ટ રીતે નોંધાયેલા છે. મતદાર યાદીમાં બેવડી એન્ટ્રીનો આ મામલો માત્ર દરભંગામાં જ નહીં, પરંતુ સમગ્ર બિહારમાં ચિંતાનો વિષય બની શકે છે. જો સમયસર આ અંગે પગલાં લેવામાં નહીં આવે, તો તેની સીધી અસર આગામી વિધાનસભા અને લોકસભા ચૂંટણીમાં મતદાન પરિણામો પર પડી શકે છે.

હવે સ્થાનિક સ્તરે લોકોમાં ચર્ચા થઈ રહી છે કે, આટલી મોટી ગડબડ કેવી રીતે થઈ. શું આ માત્ર બેદરકારીનું પરિણામ છે કે, જાણી જોઈને કરવામાં આવેલી ચૂંટણીનો ખેલ છે? આ મામલો વહીવટીતંત્ર અને ચૂંટણી પંચ માટે એક મોટો પડકાર બની ગયો છે.

### RSSના મુખપત્ર ઓર્ગેનાઇઝર સ્પષ્ટ ટિપ્પણી કરવામાં આવી

# ટ્રમ્પ લોકશાહીના નામે તાનાશાહી અને આતંકવાદ ફેલાવી રહ્યા છે

## વેપાર યુદ્ધો અને ટેરિફ જેવા હથિયારોએ સ્વતંત્ર રાષ્ટ્રોની સંભ્રુતા માં દખલ આપી તેમને નબળા પાડવાના નવા સાધનોનું સ્વરૂપ ધારણ કર્યું છે

વોશિંગ્ટન, તા.૧૪

ઓર્ગેનાઈઝરમાં અમેરિકાની ટીકા કરતાં લખાયું છે કે સ્વતંત્રતા અને લોકશાહીના મસીહા હોવાનું નાટક કરીને અમેરિકા સમગ્ર વિશ્વમાં તાનાશાહી અને આતંકવાદને પ્રોત્સાહન આપી રહ્યું છે.

લેખ મુજબ, આજે વેપાર યુદ્ધો અને ટેરિફ જેવા હથિયારોએ સ્વતંત્ર રાષ્ટ્રોની સંભ્રુતા માં દખલ આપી તેમને નબળા પાડવાના નવા સાધનોનું સ્વરૂપ ધારણ કર્યું છે.

આ લેખમાં નવ-ઉપનિવેશવાદીઓ અને તેમના ઘરેલૂ એજન્ટો દ્વારા ભારતના સાંસ્કૃતિક પુનર્જાગરણને દબાવાની રચનાત્મક યોજનાની ટીકા પણ કરવામાં આવી છે. લેખમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે સંયુક્ત રાષ્ટ્ર (UN) અને વિશ્વ વેપાર સંગઠન (WTO) જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ હવે અપ્રાસંગિક અને અસમર્થ સાબિત થઈ રહી છે. અલ્પકાલીન રાજકીય લાભ માટે ભારતની અંદર પણ કેટલાક લોકો એવા વિદેશી લોબીના એજન્ટ બનીને કામ કરી રહ્યાં છે. તેમ પણ લેખમાં જણાવાયું છે. ઓર્ગેનાઈઝરનો દાવો છે કે આજે દુનિયા આર્થિક અનિશ્ચિતતા, સૈન્ય સંઘર્ષો, ટેકનોલોજી આધારિત મોનોપોલી અને પર્યાવરણીય સંકટોથી પીડાઈ રહી છે અને આવા સંજોગોમાં હવે વિશ્વની આશા ભારત તરફ છે. લેખમાં એવું કહેવામાં આવ્યું છે કે ભારતીય મૂલ્યો આધારિત સાતત્ય , ન્યાયસંગત અને સર્વસમાવેશક મોડલ જ આજના સમયમાં વિશ્વ માટે ઉપાય બની શકે છે.

'ઓર્ગેનાઈઝર'માં કહેવામાં આવ્યું છે કે બીજા વિશ્વ યુદ્ધ બાદ જે વ્યવસ્થાને "ઉદારવાદી વિશ્વ વ્યવસ્થા" તરીકે જીતેલી માનવામાં આવી હતી,

તે હવે તૂટી રહી છે. વિશ્વ હવે ફરીથી અસ્થિરતા, સંઘર્ષ અને અરાજકતા તરફ વધી રહ્યું છે. આજે એકધ્રુવીય વિશ્વ વ્યવસ્થા પતન તરફ છે – જ્યાં પ્રતિબંધો, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની નિષ્ફળતા અને ગમે ત્યાં ચિંતા તણાવ જોવા મળે છે.

RSSના મુખપત્રમાં લખાયું છે કે "વસુધૈવ કુટુંબકમ" એટલે કે આખું વિશ્વ એક કુટુંબ છે – એ જ વિશ્વ શાંતિ માટે ચાવીરૂપ તત્વ છે. સાથે જ "સ્વધર્મ, સ્વદેશી અને સ્વરાજ" જેવી ભાવનાઓને ફરીથી જીવંત કરવાની જરૂર હોવાનું કહેવામાં આવ્યું છે.

### શરૂ થશે વાર્ષિક ફાસ્ટેગ પાસ

# દેશભરમાં ૧૫ ઓગસ્ટથી નવો ફાસ્ટેગ નિયમ શરૂ થશે

## કોઈપણ વાહન ચાલક માત્ર ત્રણ દિવસમાં નવો ફાસ્ટેગ ટોલ પાસ એક્ટિવ કરી શકે છે : વાર્ષિક કિંમત ૩૦૦૦

નવી દિલ્હી, તા.૧૪

દેશભરમાં આવતીકાલથી એટલે કે ૧૫ ઑગસ્ટથી નવો ફાસ્ટેગ નિયમ શરુ થવાનો છે. જેમાં કેન્દ્ર સરકાર સ્વતંત્રતા દિવસ પર નવો ફાસ્ટેગ પાસ લોન્ચ કરવાની છે, જેની વાર્ષિક કિંમત ૩૦૦૦ રૂપિયા છે. કોઈપણ વાહન ચાલક માત્ર ત્રણ દિવસમાં નવો ફાસ્ટેગ ટોલ પાસ એક્ટિવ કરી શકે છે. આ માટે નેશનલ હાઈવે ઑથોરિટી ઑફ ઈન્ડિયા (NHAI) અને રાજમાર્ગયાત્રા મોબાઈલ એપ પરથી એક્ટિવેશન પ્રોસેસ થઈ શકશે. સરકારે નવો ફાસ્ટેગ લોન્ચ કરવાની જાહેરાત કર્યા બાદ હવે વાહનચાલકોને ફાયદો કરાવતી ઓફર લાવી છે. સરકારે કહ્યું છે કે, ૩૦૦૦ રૂપિયાનો ફાસ્ટેગ પાસ બનાવનાર વાહનચાલકોને વાર્ષિક ૨૦૦ ટ્રિપ ફ્રી મળશે.

વાર્ષિક ફાસ્ટેગ પાસ અંતર્ગત પ્રાઈવેટ કારચાલક નેશનલ હાઈ-વે અને નેશનલ એક્સપ્રેસ-વે પર કોઈપણ એક્સ્ટ્રા ચાર્જ વગર ટોલ ગેટ પાર ક્રોસ કરી શકશે. આ માટે ૩૦૦૦ રૂપિયાનો ફાસ્ટેગ પાસ બનાવવાનો રહેશે. આ પાસની વેલીડીટી ૧ વર્ષની રહેશે તેમજ વાહનચાલકોને વાર્ષિક ૨૦૦ ટ્રિપ ફ્રી મળશે.

આ ઉપરાંત આ પાસ નેશનલ હાઈવે ઑથોરિટી ઑફ ઈન્ડિયાના પોર્ટલ અને રાજમાર્ગયાત્રા મોબાઈલ એપ પરથી એક્ટિવ કરી શકાશે. એક ટોલ ક્રોસિંગને એક એક ટ્રિપ ગણવામાં આવે છે. રાઉન્ડ ટ્રિપ (આવવું-જવું) કરવામાં આવે તો ૨ ટ્રિપ ગણાશે. બંધ ટોલ પ્લાઝા પર, એન્ટ્રી અને એક્ઝિટને એક ટ્રિપ માનવામાં આવશે. તેમજ NHAIએ જણાવ્યું છે કે FASTag Annual Pass લેવો ફરજિયાત નથી. તમે ઈચ્છો તો હ્મછજી્‌ટ્ઠની હાલની સિસ્ટમનો ઉપયોગ પણ કરી શકો છો, જેમાં તમારે રિચાર્જ કરાવવું પડશે.

કેન્દ્ર સરકારે જાહેર કરી નવી ટ્રિપની સુવિધા માત્ર નેશનલ હાઈવે અને નેશનલ એક્સપ્રેસ ટોલ પ્લાઝા પર જ લાગુ પડશે. જ્યારે એક્સપ્રેસવે, રાજ્ય ધોરીમાર્ગો પર પણ ફાસ્ટેગ નિયમિત રીતે ચાલુ રહેશે. માર્ગ પરિવહન મંત્રાલયનો નવો આદેશ દેશના તમામ ટોલ પ્લાઝા પર લાગુ નહીં પડે. વાહનચાલકોને નવા ફાસ્ટેગ પાસનો ફાયદો માત્ર NHAIના ટોલ પ્લાઝા પર જ થશે. ઉલ્લેખનીય છે કે, નવો ફાસ્ટેગ પાસ માત્ર કાર, જીપ અને વાન જેવા વાહનો માટે છે. આ પાસ બસ અને ટ્રક જેવા મોટા વાહનોને લાગુ નહીં પડે અને તેઓએ ટોલ ટેક્સ ચૂકવવો જ પડશે. FASTag Annual Pass બધા પ્રકારના વાહનો માટે નહીં હોય. ફક્ત VAHAN ડેટાબેઝ દ્વારા તપાસ કર્યા પછી ખાનગી નોન-કોમર્શિયલ વાહનોને જ મળશે.

### હૃતિક રોશન હાલમાં તેની આગામી ફિલ્મ 'વોર-૨'ના પ્રમોશનમાં વ્યસ્ત

# બે મોટી સર્જરી પછી 'વોર ૨' માટે હૃતિક રોશને કર્યું હતું શૂટિંગ

મુંબઈ, તા.૧૪

બોલીવુડ સ્ટાર હૃતિક રોશન હાલમાં તેની આગામી ફિલ્મ 'વોર-૨'ના પ્રમોશનમાં વ્યસ્ત છે. હૃતિક કહે છે કે 'કહો ના પ્યાર હૈ'ની જેમ, આ ફિલ્મ પણ લોકોના હૃદયમાં હંમેશા રહેશે. આ ઉપરાંત, અભિનેતાએ જણાવ્યું છે કે ફિલ્મના શૂટિંગ પહેલા તેની બે મોટી સર્જરી થઈ હતી.'વોર-૨'માં, ઋતિક રોશન પેન ઈન્ડિયા સ્ટાર જુનિયર એનટીઆર સાથે લડતો જોવા મળશે. ઋતિક કહે છે કે લોકો તેને થિયેટરોમાં જોયા પછી ભૂલી શકશે નહીં.ઋતિક રોશને કહ્યું- 'વોરમાં કબીરની ભૂમિકા ભજવતી વખતે મને મળેલા પ્રેમ, પ્રશંસા અને પ્રોત્સાહનથી મને 'કહો ના પ્યાર હૈ', 'ધૂમ ૨' અને 'ક્રિશ'માં મળેલા પ્રેમની યાદ આવી ગઈ. અને આ વખતે હું કબીર સાથે પાછો આવી રહ્યો છું. આ પાત્ર ભજવવાનો ખૂબ આનંદ છે જે બધાને ખૂબ ગમ્યું. આ વખતે મારું પાત્ર પહેલા કરતાં વધુ ગંભીર અને મૂંઝવણમાં છે.

તે ખૂબ જ ભાવનાત્મક પણ છે, તેથી મને લાગે છે કે 'વોર ૨' એક યાદગાર ફિલ્મ હશે.'વોર ૨'ના શૂટિંગ પહેલા, ઋતિકને ૨ મોટી સર્જરીમાંથી પસાર થવું પડ્યું. પરંતુ ઋતિક રોશને કહ્યું કે આ ફિલ્મ માટે દરેક પીડા સહન કરવી અર્થપૂર્ણ હતી અને લોકોને આ ફિલ્મ ચોક્કસપણે ગમશે. ઋતિકે કહ્યું- 'દરેક પીડાનો અંત લાવવો ખૂબ જ મુશ્કેલ હતું. અમે આ માટે ખૂબ જ મહેનત કરી છે.

ફિલ્મના શૂટિંગ દરમિયાન થયેલી બધી પીડા, બધી ઈજાઓ, બદલામાં આવશે. જ્યારે મને વોર ૨ ના શૂટિંગ દરમિયાન દુખાવો થતો હતો, ત્યારે હું વિચારતો હતો કે શું આનો કોઈ ફાયદો થશે? પરંતુ જ્યારે હું લોકોમાં તેના માટે પ્રેમ જોઉં છું, ત્યારે હું સમજું છું કે તે તેના માટે યોગ્ય હતું

### દેશના બહાદુર જવાનો માટે વીરતા પુરસ્કારની જાહેરાત

# ઓપરેશન સિંદૂર માટે ૧૬ BSF જવાનોને વીરતા પુરસ્કાર

## ગ્રૂપ કેપ્ટન આરએસ સિદ્ધૂ અને મનીષ અરોરા સહિત ૯ સૈનિકોને વીર ચક્રથી સન્માનિત કરાયા છે

નવીદિલ્હી, તા.૧૪

૭૯મા સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ કેન્દ્ર સરકારે દેશના બહાદુર જવાનો માટે વીરતા પુરસ્કાર(GM)ની જાહેરાત કરી હતી. જેમાં ઓપરેશન સિંદૂરમાં સામેલ વાયુસેનાના ૩૬ જવાનો અને BSFના ૧૬ જવાનોને 'બહાદુરી' અને 'અતુલ્ય સાહસ' દર્શાવવા બદલ વીરતા પુરસ્કાર એનાયત કરાયા છે. જ્યારે વિંગ કમાન્ડર અભિમન્યુ સિંહને શૌર્ય ચક્રથી સન્માનિત કરાયા છે. ગ્રૂપ કૅપ્ટન આરએસ સિદ્ધૂ અને મનીષ અરોરા સહિત ૯ સૈનિકોને વીર ચક્રથી સન્માનિત કરાયા છે.

પાકિસ્તાન અને આતંકવાદ સામેના 'ઓપરેશન સિંદૂર' દરમિયાન "બહાદુરી" અને "અતુલ્ય સાહસ" દર્શાવવા બદલ ૧૬ બોર્ડર સિક્યુરિટી ફોર્સ(BSF)ના જવાનોને વીરતા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા છે.

જેમાંથી કેટલાકે દુશ્મન સર્વેલન્સ કેમેરાનો નાશ કર્યો હતો જ્યારે અન્યોએ ડ્રોન હુમલાઓને નિષ્ક્રિય કર્યા હતા.અર્ધલશ્કરી દળને દેશના પશ્ચિમ ભાગમાં સેનાના ઓપરેશનલ નિયંત્રણ હેઠળ, નિયંત્રણ રેખા (LoC) ઉપરાંત, ૨,૨૯૦ કિલોમીટર લાંબી ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ(IB)ની રક્ષા કરવાનું કામ સોંપવામાં આવ્યું છે.આ સ્વતંત્રતા દિવસે ૧૬ બહાદુર સીમા પ્રહારીઓ(સીમા રક્ષકો)ને તેમની સ્પષ્ટ બહાદુરી અને અજોડ બહાદુરી માટે ઓપરેશન સિંદૂર દરમિયાન દઢ અને અડગ રહેવા બદલ વીરતા પુરસ્કાર એનાયત કરવામાં આવી રહ્યા છે.

### યુપીમાં ૨૦૧૭ બાદ કાયદાનું શાસન- સીએમ યોગી

# વિકાસની ઓછી, સત્તાની વાત વધારે કરે છે, વિધાનસભામાં વરસ્યા CM યોગી

## છેલ્લા ૨૪ કલાકમાં ૧૮૭ વક્તાઓએ આ મુદ્દા પર પોતાના વિચારો રજૂ કર્યા છે, હું શાસક અને વિપક્ષી પક્ષોના તમામ નેતાઓનો આભાર માનું છું

લખનૌ, તા.૧૪

આજે યુપી વિધાનસભાના ચોમાસુ સત્રનો છેલ્લો દિવસ છે. વિધાનસભામાં સરકારના 'વિઝન ડોક્યુમેન્ટ' પર ચર્ચા થઈ રહી છે. સીએમ યોગી આદિત્યનાથ જવાબ આપી રહ્યા છે. તેમણે કહ્યું કે છેલ્લા ૨૪ કલાકમાં ૧૮૭ વક્તાઓએ આ મુદ્દા પર પોતાના વિચારો રજૂ કર્યા છે, હું શાસક અને વિપક્ષી પક્ષોના તમામ નેતાઓનો આભાર માનું છું.યુપી વિધાનસભામાં સીએમ યોગી આદિત્યના સંબોધન કરતા જણાવ્યું કે ૨૦૧૭ બાદ યુપીમાં કાયદાનું શાસન ચાલે છે. હવે યુપી ઓળખ શ્રેષ્ઠ કાયદો અને વ્યવસ્થાથી થાય છે. ૨૦૧૭ પહેલા ભાઈ ભત્રીજાવાદ ચાલતો હતો. પહેલા આર્થિક ગતિ ઘણી ધીમી હતી. અમારુ લક્ષ્ય ભેદભાવ વિના સૌનો વિકાસ છે. હવે યુપીની ઓળખ શાંતિ અને વિકાસ છે. યુપીની ભાગીદારી દરેક ક્ષેત્રમાં વધી છે. યુપીનું જીડીપીમાં યોગદાન ૯.૫ ટકા છે. તેઓએ વિપક્ષ પર નિશાન સાધતા કહ્યું કે દુનિયા આગળ આવી રહી છે અને તમે પરિવાર સુધી સિમિત રહ્યા. તેઓના વિચાર કૂવામાં રહેલા દેડકા જેવા છે.તેઓ વિકાસની વાત ઓછી પણ સત્તાની વાત વધારે કરે છે. સીએમ યોગીએ સપા પર નિશાન સાધ્યું. અખિલેશ યાદવના પીડીએ પર નિશાન સાધતા તેમણે કહ્યું કે કેટલાક લોકો કૂવામાં દેડકા જેવા છે, તેઓ આનાથી આગળ કંઈ જોતા નથી. તેઓ ફક્ત તેમના પરિવારને જુએ છે. દુનિયા આગળ વધી રહી છે, પરંતુ તેઓ પરિવાર સુધી સીમિત છે.

સીએમ યોગીએ કહ્યું કે સમાજવાદી પાર્ટીના સમયમાં સરકાર મૂળભૂત સુવિધાઓ પ્રત્યે ઉદાસીન હતી, ખેડૂતો પરેશાન હતા, સ્થળાંતર થઈ રહ્યું હતું, ભંડોળના અભાવે બાળકો મરી રહ્યા હતા, ભત્રીજાવાદની સંસ્કૃતિ પ્રબળ બની ગઈ હતી. હવે ગુના અને ગુનેગારો પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા છે. ૨૦૧૪ પછી પીએમ મોદીના વિઝનથી શરૂ થયેલી યાત્રા, ૨૦૨૫ માં ભારત વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે, આ વિઝનની યાત્રા છે.

ઉત્તર પ્રદેશમાં કેટલાક સમયગાળા એવા હતા જેમાં આર્થિક લોકડાઉન હતું. દેશની ૧૬% વસ્તી રાજ્યમાં રહે છે પરંતુ ધ્ટ્ઠેં ખાડામાં ધકેલાઈ ગયો હતો. પરંતુ અમારી સરકારમાં, કોરોના જેવી મહામારી દરમિયાન પણ, વિકાસ દર રાષ્ટ્રીય સરેરાશ કરતા સારો હતો. યુપીમાં આગળ વધવાની સંભાવના છે. છેલ્લા ૫ વર્ષમાં, યુપી હવે બીમાર રાજ્ય નથી રહ્યું પરંતુ પોતાને એક સરપ્લસ રાજ્ય તરીકે સ્થાપિત કરી રહ્યું છે.

# સાવરકુંડલા ખાતે હિન્દુ સંગઠનો દ્વારા શ્રીનાથજીની ઝાંખીનો દિવ્ય કાર્યક્રમ યોજાયો






સાવરકુંડલામાં હિન્દુ યુવા સંગઠન દ્વારા શ્રીનાથજીની ઝાંખીનું એક ભવ્ય આયોજન કરવામાં આવેલ. જેમાં સંતોમહંતોઅનેસૌરાષ્ટ્રપ્રાંતબજરંગદળ ના મુખ્ય સંયોજક વક્તા રવિરાજસિહ જાડેજા, દાતાઓ, તેમજ સંગઠનના તમામ સભ્યોનીપ્રેરકઉપસ્થિતિમાંદીપપ્રાગટય કરવામાં આવેલ. ત્યારબાદ સંતોએ શુભ આશિષ પાઠવી, સંતોના સ્વાગત બાદ કાર્યક્રમના મુખ્ય દાતા જયોતિબેન હર્ષદભાઈ દવે હસ્તે તપનભાઈ દવે તથા સહદાતા શામળદાસ હરજીવનદાસ છાટબાર (નિલજ સ્ટીલ) તેમજ અન્ય તમામ દાતાઓનું સન્માન અને સ્વાગત કરવામાં આવેલ. સંપૂર્ણપણે અવિસ્મરણીય કાર્યક્રમ શ્રીનાથજીની ઝાંખી હરિહર ડાન્સ ગ્રુપ–અમરેલી દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ. સમગ્ર સાવરકુંડલાને કૃષ્ણમય અને ગોકુળ મથુરાની અનુભુતિ કરાવતો આ અદભુત કાર્યક્રમ સાવરકુંડલાની ધર્મ પ્રેમી અને કૃષ્ણપ્રેમી જનતાએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહીઅનેઆ કાર્યક્રમને જવલંત અને અદભુત રીતે સફળ બનાવેલ.

## જાફરાબાદ : ટી.બી.ના જરૂરિયાતમંદ દર્દીઓને અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની દ્વારા પોષણક્ષમ કીટનુ વિતરણ

જાફરાબાદ, તા. ૧૪

જાફરાબાદ તાલુકાના તમામ ટીબી પેશન્ટને અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીના દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓને પોષણ યુકત કીટ વિતરણ કરવામાં આવેલ છે અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની દ્વારા દત્તક લઈને દર મહિને પોષણક્ષમ આહાર કીટ વિતરણ કરવામાં આવી હતી આ કીટનું મુખ્ય હેતુ દર્દીઓના આરોગ્યમાં સુધારો



લાવવો અને દવા સાથે પોષણ પુરૂ પાડીને તેમને તંદુરસ્ત જીવન અને હેલ્થ માટે આ આહાર કીટમાં ચણા, મગ, ગોળ, ન્યુટ્રિશન પાઉડર જેવી પૌષ્ટિક વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે જાફરાબાદ તાલુકાના તમામ ટી.બી. તેમજ પેશન્ટ નિ સારવાર દવા સાલુ રહે ત્યાં સુધી દર મહિને પેશન્ટને પોષણ યુકત કીટ આપવામાં આવે છે ટી.બી. પેશન્ટને દવાની સાથે ન્યુટ્રિશન ખુબ જરૂરી હોય છે તેના ભાગરૂપે અલ્ટ્રા ટેક સિમેન્ટ કંપની તરફથી પુરતો સાથ સહકાર આપવા આવે છે આ પ્રસંગે ડો. ટાંકે જણાવ્યું હતું કે ટી.બી.નું સંપૂર્ણ નિવારણ શકાય છે. જો દર્દી નિયમિત દવા લે તથા યોગ્ય પોષણ મેળવે તથા સરકાર તથા સ્થાનિક તંત્ર દ્વારા આવા જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીમાંથી લાલજી ગુજ્જર. દ્વારા ક્ષયના દર્દીઓ દરરોજ દવા સાથે પોષણક્ષમ આહાર લેવામાં આવે તો ટી.બી. મુકત થઈ શકાય છે. તેમજ ડોડિયા તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા જણાવેલ કે નાગરિકોની આરોગ્યની જાળવણી સાથે ટી.બી. મુકત સમાજ તરફ એક વધુ સકારાત્મક પગથિયંણ ભરવામાં આવ્યું છે. આ તકે તાલુકા સુપરવાઈઝર સંદિપભાઇ જોષી દ્વારા ઘરે ઘરે જઈને ક્ષયના પેશન્ટ દવા તેમજ રોગ અટકાયતી પગલાં વિષે સંપુર્ણ માહિતી આપવા આવી હતી અને લોકોને અપીલ કરી કે ટી.બી.ના લક્ષણો વાળા કોઈ પણ નાગરિક જણાય તો તરત જ મારો તથા નજીકના આરોગ્ય કેન્દ્રમાં સંપર્ક કરવો અને નિઃશુલ્ક સારવારનો લાભ લેવા અનુરોધ કરાયો હતો.






### સૌરાષ્ટ્ર–કચ્છમાં નંદ ઘેર આનંદ ભયો

## માહી ડેરીએ પશુપાલકોને ઉનાળાના પ્રોત્સાહન રકમ પેટે ૧૭.૭૧ કરોડ રૂપિયા ચુકવ્યા

### સૌરાષ્ટ્ર–કચ્છના હજારો પશુપાલકો માટે આવકારદાયક નિર્ણય

અમરેલી, તા. ૧૪

દુધ ઉત્પાદકોની સંસ્થા માહી ડેરી દર વર્ષે તેના સભાસદ પશુપાલકોને પ્રોત્સાહન રકમની ચુકવણી કરી રહી છે. ચાલુ વર્ષે માહી ડેરીએ ઉનાળાની સિઝનમાં દુધ ભરાવનાર દુધ ઉત્પાદક સભ્યોને ખાસ પ્રોત્સાહન પેટે ૧૭.૭૧ કરોડ રૂપિયા જેટલી માતબાર રકમ ચુકવતા સૌરાષ્ટ્ર–કચ્છના હજારો પશુપાલકોમાં આનંદ છવાઈ ગયો છે.

ચાલુ વર્ષે માહી ડેરી ધ્વારા ડેરીમાં દુધ ભરાવતા સભ્યોને ઉનાળાની સિઝનનું અલગથી પ્રોત્સાહન ચુકવવા માટે મંજુરી આપવામાં આવી હતી. જેને ધ્યાને લઈને ઉનાળાની સિઝન એટલેકે એપ્રિલ–૨૦૨૫ થી જુલાઈ–૨૦૨૫ દરમિયાન ડેરીમાં દુધ આપૂર્તિના માપદંડોનું પાલન કરનાર પશુપાલકોને ઉનાળુ પ્રોત્સાહન વળતરરૂપે ૧૭.૭૧ કરોડ રૂપિયા ચુરવવામાં આવ્યા છે. ઉનાળાની સિઝનમાં દુધ ભરાવનાર દુધ ઉત્પાદક સભ્યોને જન્માષ્ટમીના તહેવાર પૂર્વે જ પ્રોત્સાહન રકમની ચુકવણી કરાતા સૌરાષ્ટ્ર–કચ્છના હજારો દુધ ઉત્પાદક સદસ્યોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ડેરી તેની સ્થાપના સમયથી ઉતમ ગુણવતાસભર ઉત્પાદનો માટે પ્રતિબદ્ધ રહીને સભાસદ પશુપાલકોને ગુણવતાયુકત દુધના સરેરાશ ભાવ પણ વધુ ચુકવી રહી છે.

માહી ડેરીએ પશુપાલકો પ્રત્યેની પ્રતિબધ્ધતા બરકરાર રાખી છે અને જન્માષ્ટમીના તહેવાર પહેલા જ પશુપાલકોને ઉનાળની સિઝનમાં ભરાવેલ દુધના પ્રોત્સાહનની રકમ પેટે કુલ ૧૭.૭૧ કરોડ રૂપિયા તેમના સીધા બેન્ક એકાઉન્ટમાં ચુકવતા સૌરાષ્ટ્ર–કચ્છના માહી ડેરીમાં દુધ ભરાવતા પશુપાલકોમાં આનંદ છવાઈ ગયો છે.
























૭૯માં સ્વાતંત્ર્ય દિન
निमित्ते
હાર્દિક શુભકામનાઓ...
ત્રિરંગો દેશનું ગૌરવ છે. દરેક ભારતીયનું સ્વાભિમાન છે. આ ગંગા છે, આ હિમાલય છે, આ ભારતનું જ્ઞાન છે. આ આપણું હિન્દુસ્તાન ત્રણ રંગોમાં રંગાયેલું છે.મારા બધા આદરણીય આગેવાનો, મિત્રોને સવારના નમસ્કાર.. આજે આપણે ભારતની આઝાદીના ૭૯માં સ્વાતંત્ર્ય દિનના શુભકામનાઓ પાઠવીએ છીએ....
INDIA
શુભેચ્છક
શ્રી પરેશ ધાનાણી
પૂર્વ ધારાસભ્ય


શ્રીમતી શાંતાબેન હરીભાઇ ગજેરા ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત સંચાલીત
શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ
શાંતાબા જનરલ હોસ્પિટલ કેમ્પસ, એસ.ટી.બસ સ્ટેન્ડ પાછળ, અમરેલી.
LD
Laxmi Diamond
Since 1972
૭૯માં
સ્વતંત્રતા દિવસની
હાર્દિક શુભકામનાઓ
ચેરમેન શ્રી.
વસંતભાઇ ગજેરા


૭૯માં સ્વાતંત્ર્ય દિવસની
હાર્દિક શુભકામનાઓ...
India 15th August
INDEPENDENCE DAY
આઝાદીના ૭૯ માં આ ઐતિહાસિક પ્રસંગે, અમે વિદ્યાસભા (અમરેલી),વાત્સલ્યધામ (સુરત) અને લક્ષ્મી ડાયમંડ ગ્રુપ તરફથી સમગ્ર દેશવાસીઓને રાષ્ટ્રપ્રેમ અને એકતાના સંદેશ સાથે હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ. આપણે સૌ એકતાની શકિતને ઓળખીએ, કારણ કે એકતા જ આપણી સૌથી મોટી તાકાત છે.
શિક્ષણ અને સંસ્કાર દ્વારા યુવા પેઢીને સશકત બનાવીએ.
સહિયારા વિકાસ દ્વારા દેશની પ્રગતિમાં યોગદાન આપીએ.
ચાલો, સ્વાતંત્ર્ય દિવસે આપણે પોતાની જવાબદારી યાદ કરીએ, અને દેશને આગળ લઈ જવા પ્રયત્નશીલ રહીએ.
'' કર્તવ્ય પાલન જ સાચી દેશભકિત છે.''
'' જય હિન્દ ! જય ભારત !''
શુભેચ્છક
શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા
કેમ્પસ - વિદ્યાસભા, અમરેલી
વાત્સલ્યધામ, સુરત
લક્ષ્મી ડાયમંડ ગ્રુપ


૭૯માં સ્વાતંત્ર્ય દિન
निमित्ते
હાર્દિક શુભકામનાઓ...
આપો સલામી આ તિરંગાને જેનાથી તમારી શાન છે,
શિર (મસ્તક) હંમેશા ઉંચુ રાખજો તેનું, જ્યાં સુધી દિલમાં જાન છે...
શુભેચ્છક
શ્રી પ્રતાપ દુધાત
( પૂર્વ ધારાસભ્ય )
પ્રમુખશ્રી
અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ
અમરેલી

# લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી) દ્વારા અંધશાળામાં યોજાયેલ રક્ષાબંધન કાર્યક્રમ




લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) ધ્વારા અધજન તાલીમ કેન્દ્ર (અધશાળા)મા પ્રજ્ઞાચક્ષુ ભાઈઓને આજના શ્રાવણી પૂર્ણિમાના પવિત્ર પર્વ રક્ષાબધંન નિમિતે રક્ષા અર્પણ કરવાનો એક કાર્યક્રમ તા. ૯/૮/૨૦૨૫ ના રોજ આયોજિત કરવામાં આવેલ હતો. લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) ના બહેનોએ ભકિત પ્રધાન ભાઈ બહેનોના પવિત્ર રક્ષાબંધન ઉત્સવે રક્ષા અર્પણ કરી પ્રસગનુ મહત્વ સમજાવેલ અને યજ્ઞાચક્ષુ ભાઈઓની સુખ, શાતિ અને દીર્ધાયુષ્ય માઞે પ્રાર્થના કરી હતી. આ કાર્યક્રમમાં લાયન લેડીઝ જાનકીબેન ગોડલીયા, ભારતીબેન એમ. પટેલ, યામીનીબેન એ. સપટ, ભાવિકાબેન એ. ડોડીયા, શ્રેયાબેન દવે, દેવયાનીબેન કાનપરીયા વગેરે ઉપસ્થિત રહયા હતા. સમારભના પ્રારભે અધજન તાલીમ કેન્દ્રના અશ્વિનભાઈ શેલડીયાએ શાબ્દીક સ્વાગત કરેલ હતું. ત્યારબાદ લાયન્સ કબલ ઓફ અમરેલી (સીટી) ના પ્રમુખ લા. ઋજુલ ગોડલીયા તથા પ્રા. એમ.એમ. પટેલના પ્રાસગિક ઉદબોધનમા રક્ષાબંધન એટલે દ્રષ્ટિ પરીવર્તન તેમજ ભાઈ–બહેનના પરસ્પરના પ્રેરક, પોષક અને પુરક સબધો સમજાવી ભારતીય સંસ્કૃતિમા પ્રેમ બધન રૂપી રક્ષાબંધનની અગત્યતા સમજાવેલ તેમજ પ્રજ્ઞાચક્ષુ ભાઈઓમાં રહેલ આતરીક ગુણોનો વધુમા વધુ વિકાસ થાય તેવી શુભેચ્છા પાઠવી હતી. પ્રજ્ઞાચક્ષુ ભાઈઓએ ભાઈ–બહેનના પ્રેમ અને લાગણી દર્શાવતા ગીતો રજુ કરેલ હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) ના લા. એમ.એમ. પટેલ, લા. મહેશભાઈ પટેલ, લા. રમેશભાઈ ગોલ, લા. અશ્વિનભાઈ ડોડીયા, લા. મુશ્તુફા આફીકાવાલા, લા. ઋજુલભાઈ ગોડલીયા, લા. પરેશભાઈ કાનપરીયા, લા. વિનોદભાઈ આદ્રોજા, લા. ભદ્રેશસિંહ પરમાર, લા. અશોકસિંહ ઝાલા, લા. કૌશલભાઈ દવે, લા. રીધ્ધેશભાઈ નાકરાણી, રાજુભાઈ સરખેદી તેમજ અધજન તાલીમ કેન્દ્રના અશ્વિનભાઈ શેલડીયા વગેરેએ જહેમત ઉઠાવી હતી. તેમ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) ના પ્રમુખ લા. ઋજુલભાઈ ગોડલીયાની અખબારી યાદીમાં જણાવાયેલ છે.

## અમરેલી : વિધાસભાના વિધાર્થીએ SGFI-2025 સ્કેટીંગ સ્પર્ધામાં ૪–સુવર્ણ, ૨–રજત અને ૧–કાંસ્ય પદક મેળવી ગૌરવ વધાર્યુ



અમરેલી, તા. ૧૪

તારીખ ૧ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ શાળાકીય જિલ્લા કક્ષા SGFI–૨૦૨૫ ભાઈઓ સ્કેટિંગ સ્પર્ધાનું આયોજન રાજુલા ખાતે થયું હતું, આ પ્રતિસ્પર્ધામાં વિવિધ શાળાઓના યુ–૧૧, યુ–૧૪, યુ–૧૭ અને યુ–૧૯ વય જૂથોના સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ અને શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ તેમજ જ્ઞાન શકિત રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલન્સના હોનહાર ભાઈઓ સ્પર્ધકો દ્વારા પાર્ટિસિપેશન કરવામાં આવેલ. જેમાં શ્રીમતિ એસ.એચ. ગજેરા કેમ્પસના સ્પર્ધકોએ પોતાની પ્રતિભા અને કઠિન મહેનતથી વિજય હાંસલ કરીને ટોપ–થ્રીમાં સ્થાન મેળવ્યું છે. જેમાં ૧) અંડર–૧૧ પુલાકીયા જેનીલ –સુવર્ણ પદક, ૨) અંડર–૧૪ રાઠોડ વિમ સુવર્ણ પદક, ૩) અંડર–૧૭ સોરઠીયા રાજ–સુવર્ણ પદક, ૪) અંડર–૧૯ શર્મા દેવ – સુવર્ણ પદક અને ૧) અંડર–૧૧ બુટાણી વેદાંત – રજત પદક, ૨) અંડર–૧૪ રામાનુજ દર્શીલ–રજત પદક, તેમજ ૧) અંડર–૧૭ મોવલીયા શુભ–કાંસ્ય પદક મેળવેલ હતું. તેમજ ૬ વિદ્યાર્થીઓ અમરેલી જિલ્લા તરફથી રાજય કક્ષામાં પ્રતિનિધિત્વ કરશે, અનુભવી તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત–ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી દ્વારા સ્પર્ધકો અને ટ્રેનરને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાંથી વ્હેલ માછલીની

વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### એમ્બરગ્રીસ શું છે ?

એમ્બરગ્રીસ એ વ્હેલ માછલી (ખાસ કરીને સ્પર્મ વ્હેલ) ના પાચનતંત્રમાં બનતું એક દુર્લભ પદાર્થ છે. દરિયામાં તે લાંબા સમય સુધી તર્યા પછી કઠોર થતું જાય છે. પરફ્યુમ ઉદ્યોગમાં તેનો ઉપયોગ સુગંધને લાંબા સમય સુધી ટકાવવા માટે થાય છે, જેના કારણે તેની આંતરરાષ્ટ્રીય બજારમાં ભારે માંગ છે. કાયદાકીય રીતે ઘણા દેશોમાં, ખાસ કરીને ભારત સહિત, એમ્બરગ્રીસની ખરીદી–વેચાણ, માલિકી અથવા વેપાર પર પ્રતિબંધ છે, કારણ કે તે સંરક્ષિત વન્યપ્રાણીમાંથી મળે છે.

### કાયદાકીય સજા

વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ મુજબ, એમ્બરગ્રીસનો વ્યવહાર ગુનો છે. દોષિત સાબિત થનારને સાત વર્ષ સુધીની સજા અને જરૂમાનો થઈ શકે છે. ઉપરાંત મુદ્દામાલ કબ્જે કરી સરકારના હિતમાં જપ્ત કરવામાં આવે છે.

### એલ.સી.બી.ની ચેતવણી

અમરેલી એલ.સી.બી.એ જનતાને ચેતવણી આપી છે કે વ્હેલ માછલીની ઉલ્ટી જેવા પદાર્થોનું રાખવું કે વેચવું કાયદેસર ગુનો છે. દરિયા કિનારે આવા પદાર્થો મળ્યા હોય તો તેને તરત જ વન વિભાગ કે પોલીસને સોંપવા જોઈએ. લોભમાં આવી કાયદા વિરૂદ્ધ પગલું ભરવાથી ગંભીર પરિણામ ભોગવવા પડી શકે છે.

### ઘટનાનું મહત્વ

આ કાર્યવાહી માત્ર મૂલ્યવાન મુદ્દામાલ જપ્ત કરવાની નથી, પણ વન્યપ્રાણી સંરક્ષણ તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે એમ્બરગ્રીસના ગેરકાયદેસર વેપારને રોકવા માટે સ્થાનિક સ્તરે આવી કાર્યવાહી આવશ્યક છે. દરિયાકાંઠા વિસ્તારમાં રહેતા લોકોમાં પણ હવે જાગૃતિ વધારવી પડશે કે આવા પદાર્થોનો સંગ્રહ અને વેપાર સંપૂર્ણ પ્રતિબંધિત છે.

આ કેસમાં એલ.સી.બી.ની ઝડપી કામગીરી, ટેકનિકલ સર્વેલન્સનો સચોટ ઉપયોગ અને વન વિભાગના સહકારથી મોટી કિંમતના મુદ્દામાલ સાથે આરોપીઓની ધરપકડ શકય બની છે. આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે દરિયાકાંઠાના વિસ્તારમાંથી મળતા દુર્લભ પદાર્થો કાયદાકીય રીતે જોખમી બની શકે છે અને તેનું વેચાણ જીવન બદલી નાખે એટલું ખતરનાક સાબિત થઈ શકે છે.

## અવસાન નોંધ

**ચલાલા:** લોહાણા મહાજનના પ્રમુખ મહેન્દ્રભાઈ સાદરાણી, મુકેશભાઈ સાદરાણીના માતૃશ્રીનું (દિનેશ સ્ટોર) ભરતભાઈ સાદરાણી (રાજકોટ)ના માતૃશ્રી જયાબેન દિનકરાઈ સાદરાણીનું અવસાન તા. ૧૪/૮/૨૦૨૫ ગુરૂવારના રોજ થયેલ છે. સદ્ગતની અંતિમયાત્રા આજે તા. ૧૫/૮/૨૫ સવારે ૮ કલાકે નિવાસ્થાન સાટોડી પરા, મસ્જિદવાળી શેરી એથી રાખેલ છે. તેમજ સદ્ગતનું ઉઠમણું આજે તા. ૧૫/૮/૨૫ શુક્રવાર સાંજે ૫:૦૦ કલાકે લોહાણા મહાજન વાડી ચલાલા રાખેલ છે.

### પાણી અને વીજળીની સમસ્યાએ પાક સુકાવાની કગાર પર

## સાવરકુંડલા તાલુકામાં વરસાદ ખેંચાતા ખેડૂતો પર સંકટનાં વાદળ

### સૌની યોજનામાંથી પાણી છોડવાની ખેડૂતોની માંગ ઉગ્ર



અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં લાંબા સમયથી વરસાદ ન પડવાને કારણે ખેડૂતો ગંભીર મુશ્કેલીમાં મુકાયા છે. ચોમાસાની સીઝનમાં મોટા ઉત્સાહ સાથે મગફળી, કપાસ, સોયાબીન અને ડુંગળી જેવા પાકોનું વાવેતર કરનાર ખેડૂતો હાલ ચિંતા અને નિરાશામાં છે. વરસાદ લાંબા સમયથી ખેંચાઈ જવાથી પાકોને સમયસર પાણી મળી શકતું નથી, જેના પરિણામે પાક સુકાઈ જવાની કગર પર છે.

ખડસલી ગામના ખેડૂત ચેતનભાઈ માલાણી જણાવે છે કે તેમણે ૩૦ વીઘા જમીનમાં મગફળી વાવી છે, પરંતુ વીજળીની અનિયમિત સપ્લાયને કારણે પાકને યોગ્ય સમયે પિયત આપી શકાતું નથી. શરૂઆતમાં વરસાદ શરૂ થયા પછી સારો માહોલ રહ્યો હતો, પરંતુ સૂયા બેસવાના સમયથી વરસાદ ખેંચાઈ જતાં પાક પર ખરાબ અસર પડી છે. પાણીનો અભાવ અને વીજળીની સમસ્યાએ મગફળી અને કપાસના છોડ સુકાઈ જવાના ભયને વધુ ગંભીર બનાવી દીધો છે.

પિયાવા ગામના ખેડૂત ચિરાગભાઈ હિરપરા જણાવે છે કે તેમણે ૧૦ વીઘામાં મગફળીનું વાવેતર કર્યું છે. ચોમાસાની શરૂઆત સારી રહી હોવાથી ખેડૂતોમાં આશાવાદ વધ્યો હતો અને મોટા પાયે મગફળી, સોયાબીન, કપાસ અને ડુંગળીના પાક વાવાયા હતા. પરંતુ છેલ્લા ૩૦ થી ૪૦ દિવસમાં વરસાદનું પ્રમાણ અત્યંત ઓછું રહેવાથી હાલ પાક સુકાઈ જવાની કગર પર છે અને ખેડૂતોના જીવ તાળજો ચોટી ગયા છે.

સાવરકુંડલા તાલુકાનો મોટો વિસ્તાર દરિયાકાંઠા નજીક હોવાને કારણે ખારો વિસ્તાર ગણાય છે. અહીંની સિંચાઈ માટે ખેડૂતોને ‘‘સેની યોજના’’ અંતર્ગત પાણી મળવાની આશા હતી. પરંતુ હાલ સુધી તાલુકાના કોઈ ચેક ડેમમાં સૌની યોજનાનું પાણી પહોંચ્યું નથી. ખેડૂતોનો આગ્રહ છે કે જો સમયસર પાણી છોડવામાં આવે તો પાકને બચાવવા માટે મોટી રાહત મળશે.

ખેડૂતોનું કહેવું છે કે હાલની પરિસ્થિતિમાં તાત્કાલિક પાણીની વ્યવસ્થા શકય ન હોય, તો પણ આવનારા વર્ષોને ધ્યાનમાં રાખીને સૌની યોજના મારફતે સાવરકુંડલા તાલુકાના તમામ ચેક ડેમોમાં પાણી ભરવાની યોજના અમલમાં મૂકવી જોઈએ. આવું કરવાથી આગામી સમયમાં ખેતીમાં ઉત્પાદનક્ષમતા વધશે અને હરિયાળી ક્રાંતિ લાવી શકાશે.

હાલની પરિસ્થિતિમાં ખેડૂતોને બે મુખ્ય મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે વરસાદનો અભાવ અને વીજળીની અનિયમિત સપ્લાય. વરસાદ વિના પાકને પિયત માટે પાણી ઉપલબ્ધ નથી અને વીજળી પણ સમયસર ન મળવાને કારણે મોટર ચલાવીને સિંચાઈ કરવી મુશ્કેલ બની રહી છે. મગફળી, સોયાબીન, કપાસ અને ડુંગળી જેવા પાક પાણીના અભાવે સુકાઈ રહ્યા છે.

ખેડૂતોના મતે, સરકાર અને સંબંધિત વિભાગો તાત્કાલિક હસ્તક્ષેપ કરી સૌની યોજનાનું પાણી ઝડપથી છોડે અને વીજળીની સમસ્યા ઉકેલે તો હાલનો પાક બચાવી શકાય છે. નહિંતર આ વર્ષે ખેડૂતોને ભારે આર્થિક નુકસાન વેઠવું પડી શકે છે.

હાલ તો સાવરકુંડલા તાલુકાના ખેડૂતો વરસાદના વાદળોની રાહ જોઈ રહ્યા છે, આશાભરી નજરે આકાશ તરફ જોઈને કુદરત કૃપા કરે તે માટે પ્રાર્થના કરી રહ્યા છે.

### એક આરોપીની પત્ની સાથે આડા સંબંધની આશંકાથી

## બગસરાનાં જુના વાઘણીયા ગામનાં આધેડ ઉપર 3 વ્યકિતઓએ કર્યો હુમલો

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૧૪

બગસરા તાલુકાના જુના–વાઘણીયા ગામે રહેતા એક આધેડને આરોપીની પત્નિ સાથે આધેડ સાથે આડા સંબંધ હોવાની શંકા રાખી આરોપીઓએ આધેડને મારી નાખવાના ઈરાદે નાની મોટી ગંભીર ઈજાઓ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

બગસરા તાલુકાના જુના–વાઘણીયા ગામે રહેતા આરોપી દિનેશભાઈ પ્રેમજીભાઈ પરમારને શંકા હોય કે, તેમના પત્નિને તે જ ગામે રહેતા વિનોદભાઈ રામજીભાઈ મયાત્રા નામના આધેડ સાથે આડા સંબંધ હોય જેનુ મનદુઃખ રાખી આ આધેડ ગતતા. ૧૨ના રોજ સાંજના આશરે ૫/૩૦ વાગ્યે બગસરાથી તેના ઘરે જુના–વાઘણીયા મોટર સાયકલ ઉપર આવતા હતા. તેદરમિયાન તે જ ગામે રહેતા આરોપી દિનેશભાઈ પ્રેમજીભાઈ પરમાર, મહેશભાઈ પ્રેમજીભાઈ પરમાર તથા પિયુષભાઈ મૂળજીભાઈ પરમાર જુના–વાઘણીયા ગામે પુલ પાસે ઉભા હતા. જેમાં આરોપીઓએ આ આધેડને જાનથી મારી નાખવાના ઈરાદે લાકડી વડે માથાના ભાગે એક ઘા મારી ડાબા હાથ, પગ, મોઢાના ભાગે, માથાના ભાગે ગંભીર ઈજા કરી તથા ગાલ પર ફેકચર કરી આધેડને મારી નાખવાના ઈરાદે નાની મોટી ગંભીર ઈજાઓ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાયછે.

# અમરેલીનાં એસ.ટી. પોર્ટમાં સ્વાતંત્ર્યદિનની પુર્વ સંધ્યાએ તિરંગા યાત્રા યોજાઈ



અમરેલીનાં એસ.ટી. પોર્ટમાં એસ.ટી કર્મચારીઓ દ્વારા સ્વાતંત્ર્ય દિનની પુર્વ સંધ્યાએ તિરંગા યાત્રા યોજાઈ હતી. અને મુસાફરોને તિરંગાનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

## ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

હાર્દિક શુભકામનાઓ...

શુભેચ્છક

સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ રૂપાયતન - અમરેલી
રાધાબેન શાંતિલાલ આડતિયા વિદ્યાસંકુલ

50 YEARS

રૂપાયતન ...where creativity is nourished !

**સંચાલિત વિભાગો**

- દીપક માધ્યમિક તથા ઉ.મા. વિભાગ - ચિતલ રોડ.
- શ્રીમતી પી.એન. વોરા વિદ્યાનિકેતન પ્રા.શાળા રૂપાયતન-ચિતલ રોડ.
- શ્રી એન.ડી. સંઘવી રૂપાયતન પ્રા.શાળા - મણિનગર.
- શ્રી ડી.કે. કામદાર રૂપાયતન પ્રા.શાળા - ચોરાપા.
- શ્રી રૂપાયતન અંગ્રેજી માધ્યમ બાલમંદિર - ચિતલ રોડ.
- શ્રીમતી ત્રિવેણીબેન જગજીવનદાસ મહેતા બાલમંદિર - ચિતલ રોડ.

તેમજ ટ્રસ્ટીઓ, વ્યવસ્થાપકો,શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ તરફથી
૭૯માં સ્વતંત્ર્યતા દિને હાર્દિક શુભકામનાઓ પાઠવે છે

સંપર્ક : (ઓ.) ૦૨૭૯૨ - ૨૨૩૬૧૮, ૨૨૩૧૩૦ - મો. ૯૪૦૮૧ ૫૭૦૯૨

## ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

હાર્દિક શુભકામનાઓ...

શુભેચ્છક...



**શ્રી હિરેન કે. હિરપરા**

પ્રદેશ મહામંત્રીશ્રી
કિસાન મોરચો ગુજરાત ભાજપ
અમરેલી

## ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

હાર્દિક શુભકામનાઓ...

15th August INDEPENDENCE DAY

:: શુભેચ્છક ::



**શ્રી નાથાલાલ સુખડીયા**
સામાજીક અગ્રણી

**શ્રીમતિ ભાવનાબેન સુખડીયા**
સરપંચશ્રી
દેવભૂમિ દેવળીયા
તા.જી.અમરેલી



## ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

હાર્દિક શુભકામનાઓ...



શુભેચ્છક

**શ્રી વિપુલ દુધાત**

સદસ્ય
અમરેલી જીલ્લા પંચાયત

## ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

હાર્દિક શુભકામનાઓ...

75 आज़ादी का अमृत महोत्सव

ADITYA BIRLA

UltraTech

79th INDEPENDENCE Day 2025

15th August

INDIA Independence Day

શુભેચ્છક

**અલ્ટ્રાટેક સીમેન્ટ લીમીટેડ**
**ગુજરાત સીમેન્ટ વર્ક્સ - કોવાયા**










"સ્વચ્છતા ત્યા પ્રભુતા" "સ્વચ્છ અમરેલી" "સુંદર અમરેલી"

# અમરેલી નગર સેવા સદન - અમરેલી

"આઝાદી કા અમૃત મહોત્સવ-૨૦૨૫"

## ૧૫ મી ઓગષ્ટ-૨૦૨૫ સ્વાતંત્ર્ય દિન ની ઉજવણી

નગરપાલિકા દ્વારા "સર્વનો સાથ શહેરનો વિકાસ" "સ્વચ્છ અમરેલી, સુંદર અમરેલી" ઉકિતને સાર્થક કરવા તમામ શહેરીજનોના સાથ અને સહકારની અપેક્ષા છે. ૧૫ મી ઓગષ્ટ-૨૦૨૫ સ્વાતંત્ર્ય દિન ની ઉજવણી નિમિતે નીચે મુજબનાં સંકલ્પ કરીએ.

(૧) નગરને સ્વચ્છ અને સુંદર બનાવવા સહયોગ આપીએ.
(૨) ઘરનો ભીનો કચરો-સુકો કચરો અલગ-અલગ કચરા પેટીમાં નાખીએ.
(૩) નગરપાલિકાની ડોર ટુ ડોર કચરાના કલેકશનની સુવિધાનો મહત્તમ લાભ લઈએ.
(૪) પ્લાસ્ટીકનાં ઝબલાનો બહિષ્કાર કરીએ.
(૫) નગરને હરીયાળુ બનાવવા વૃક્ષારોપણ કરીએ અને વૃક્ષને ઉછેરવાનો સંકલ્પ કરીએ.
(૬) પાણીનો કરકસર યુકત ઉપયોગ કરીએ અને તેનો બગાડ કરશો નહિ.
(૭) આવો આપણા નગરને ઝીરો વેસ્ટ ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત બનાવીએ.
(૮) નગરપાલિકાના કરવેરા નિયમિત ભરીએ.

શુભેચ્છક

**બિપીનભાઈ એસ.લીંબાણી**
પ્રમુખ
અમરેલી નગરપાલિકા
અમરેલી

**બિનાબેન વિશાલભાઈ કાલેણા**
ઉપપ્રમુખ
અમરેલી નગરપાલિકા
અમરેલી

**મનીષભાઈ એચ. ધરજીયા**
અધ્યક્ષ
કારોબારી સમિતિ
અમરેલી નગરપાલિકા - અમરેલી

**વિનોદ સી.રાઠોડ**
ચીફ ઓફીસર
અમરેલી નગરપાલિકા
અમરેલી

તથા તમામ સદસ્યશ્રીઓ તથા કર્મચારી ગણ

અમરેલી નગર સેવા સદન - અમરેલી

## ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

હાર્દિક શુભકામનાઓ...

India 15th August INDEPENDENCE DAY

શુભેચ્છક

શ્રી હરિભાઈ નારણભાઈ હિરપરા - ચેરમેન
શ્રી મહમદભાઈ અહેમદભાઈ સોલંકી - વા.ચેરમેન
શ્રી વી.એમ.માંડણકા (સેક્રેટરી)

| | |
|---|---|
| શ્રી પ્રેમજીભાઈ રણછોડભાઈ સેંજલીયા | શ્રી રામભાઈ કાનાભાઈ ધામેલીયા |
| શ્રી સુરેશભાઈ રાણાભાઈ નસીત | શ્રી બાબાભાઈ ભીખુભાઈ માંગાણી |
| શ્રી વાઘજીભાઈ મનુભાઈ વેકરીયા | શ્રી ચંદ્રસિંહ જોરૂભા રાઠોડ |
| શ્રી મથુરભાઈ પરશોતમભાઈ દુધાત | શ્રી યાસીફઅલી અબ્બાસઅલી હસનાણી |
| શ્રી સોમલાભાઈ જીવાભાઈ વાળા | શ્રી વિનુભાઈ રવજીભાઈ રૈયાણી |
| શ્રી વાઘજીભાઈ લાલજીભાઈ ધોધારી | શ્રી ધ્રુવકુમાર બીપીનભાઈ જોષી |

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ - ખાંભા

## ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

હાર્દિક શુભકામનાઓ...

: શુભેચ્છક :

શ્રી ભોગીલાલ હિરપરા
શ્રી નરેશભાઈ ધાનાણી
શ્રી દિલીપભાઈ કાછડીયા
શ્રી જે.એલ. સોજીત્રા ( એડવોકેટશ્રી)
તેમજ રામજી મંદિર સમિતિના તમામ સદસ્યશ્રીઓ.....

શ્રી રામજી મંદિર
ગજેરાપરા, સા.કુંડલા રોડ,અમરેલી

## ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

હાર્દિક શુભકામનાઓ...

HAPPY INDEPENDENCE Day

: શુભેચ્છક :

શ્રી ખોડલધામ પાર્ટી પ્લોટ
અમરેલી

## ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

હાર્દિક શુભકામનાઓ...

:: શુભેચ્છક ::

| | |
|---|---|
| શ્રી જયેશભાઈ એમ.નાકરાણી<br>પ્રમુખ | શ્રી દલસુખભાઈ કે.દુધાત<br>ઉપપ્રમુખ |
| શ્રી વિઠલભાઈ એન.તારપરા<br>એમ.ડી. | શ્રી પ્રશાંતભાઈ નાકરાણી<br>ઈન્ચા.મેનેજર |

તથા સમગ્ર બોર્ડ ઓફ ડીરેકટર્સ તથા સ્ટાફગણ

| | | |
|---|---|---|
| શ્રી સાંગાભાઈ સાવલીયા | શ્રી બાબુભાઈ સોજીત્રા | શ્રી પરેશભાઈ ધાનાણી |
| શ્રી હરેશભાઈ વઘાસીયા | શ્રી મનસુખભાઈ નાકરાણી | શ્રી શંભુભાઈ દેસાઈ |
| શ્રી રમેશભાઈ કોટડીયા | શ્રી કીર્તિભાઈ ચોડવડીયા | શ્રી જયંતિભાઈ ચકરાણી |
| શ્રી મગનભાઈ હુણાગરીયા | શ્રી બટુકભાઈ ખુંટ | શ્રી દેવેન્દ્રભાઈ પાદરીયા |
| શ્રી હિંમતભાઈ ગજેરા | શ્રી વિનુભાઈ નાકરાણી | શ્રી ચીમનભાઈ ભંડેરી |

શ્રી અમરેલી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. અમરેલી

મોહનભાઈ નાકરાણી ભવન, જુના માર્કેટયાર્ડ અંદર અમરેલી

## ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

હાર્દિક શુભકામનાઓ...

15th August INDEPENDENCE DAY



:: શુભેચ્છક::

શ્રી રવુભાઈ ખુમાણ
પૂર્વ પ્રમુખ : નગરપાલિકા રાજુલા
પૂર્વ મહામંત્રી : જીલ્લા ભાજપ અમરેલી
કારોબારી સભ્ય : પ્રદેશ કિસાન મોરચા
(બોટાદ પ્રભારી) મું. રાજુલા, જી. અમરેલી.

## ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

હાર્દિક શુભકામનાઓ...

શુભેચ્છક

આશાપુરા કેરીયર

ઓથોરાઈઝ ટ્રાન્સપોર્ટર અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની - કોવાયા
:: રાજુલા ::
મો.નં. ૯૮૨૪૪ ૮૩૧૩૦ - મો.નં. ૯૯૦૪૪ ૦૩૨૫૧
જાફરાબાદ : ૯૯૨૪૧ ૧૪૨૨૯ - ભુજ : ૯૯૦૯૯ ૮૩૧૨૦
ઓફીસ : નં. ૬, બી-વિન્ગ, કતીરા કોમ્પ્લેક્ષ, આર.ટી.ઓ. સર્કલ, ભુજ - કચ્છ

## ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

હાર્દિક શુભકામનાઓ...

15th August INDEPENDENCE DAY



શુભેચ્છક

શ્રી મોટાભાઈ સંવટ
અધ્યક્ષ : ગુજરાત પ્રદેશ આંગણવાડી વર્કસ એન્ડ હેલ્પર્સ કર્મચારી ફેડરેશન
પ્રદેશ મહામંત્રી : પ્રધાનમંત્રી જનકલ્યાણકારી યોજના પ્રચાર-પ્રસાર (ન્યુ દિલ્હી)
મંત્રીશ્રી : સૌરાષ્ટ્ર વિકાસ પરિષદ-રાજકોટ
સહમંત્રી : ઓલ ઈન્ડિયા વિવિધ કર્મચારી ફેડરેશન (ન્યુ દિલ્હી)
મેનેજીંગ ટ્રસ્ટી : ડૉ.જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ (અમરેલી)
ઉપસંપાદક : પરિષદ સંદેશ (આંગણવાડી કર્મચારી મુખપત્રક)

## ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

હાર્દિક શુભકામનાઓ...

: શુભેચ્છક :

VARAH ENTERPRISE
OPERATION & MAINTENANCE CONTRACTOR
C/o. UTCL Gujarat Cement Works - Kovaya
Post : Kovaya, Tal : Rajula, Dist : Amreli (Gujarat)
Pin : 365541, Mob. No. 99247 75476
Mail ID : varahenterprise@gmail.com


## ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

હાર્દિક શુભકામનાઓ...

15th August INDEPENDENCE DAY

:: શુભેચ્છક::



શ્રી જીતુભાઈ સોમૈયા (ગોળવાળા)
પ્રમુખ : લોહાણા મહાજન અમરેલી
સાવરકુંડલાવાળા - હાલ, અમરેલી
જય સિયારામ

## ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

હાર્દિક શુભકામનાઓ...

15th August INDEPENDENCE DAY



:: શુભેચ્છક ::

શ્રી કાંતિલાલ સતાસીયા
પૂર્વ ચેરમેન
માર્કેટયાર્ડ બગસરા
અગ્રણીશ્રી : આમ આદમી પાર્ટી

## ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

હાર્દિક શુભકામનાઓ...

: શુભેચ્છક :

Sitaram Suppliers
Authorised Transporters and all Type of Materials Suppliers
At. Kovaya, Tal. Rajula - 365560, Dist. Amreli. (Guj.)
Umeshbhai B. Lakhanotra
Ultra tech Cement Ltd. Kovaya
(Mob.) 9737979777 Office No. 9574377277
E-Mail : sitaramsuppliers.9797@gmail.com

:: શુભેચ્છક ::

## ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

હાર્દિક શુભકામનાઓ...

અર્જુન ગ્રુપ ઓફ કંપનીઝ
- સાવજ એન્ડ કાં.
- અર્જુન રોડવેઝ
- એમ.ડી. ટ્રાન્સપોર્ટ
- માધવ એન્ટરપ્રાઈઝ

શ્રી ગાંડાભાઈ જીણાભાઈ લાખણોત્રા - કોવાયા
શ્રી મીઠાભાઈ સાર્દુળભાઈ લાખણોત્રા - કોવાયા
(પ્રમુખશ્રી, તાલુકા પંચાયત-રાજુલા)
શ્રી જીણાભાઈ રામભાઈ લાખણોત્રા - કોવાયા
શ્રી નિમ્બેશ્વર દેસાઈ - કોવાયા
મુ. કોવાયા, તા. રાજુલા, જી. અમરેલી. (ગુજરાત)

: અમદાવાદ ઓફીસ :
૧૦૨-ડી, પહેલા માળે, બી. બ્લોક, ગણેશ મેરીડીયન, હાઈકોર્ટ પાસે, સોલા-અમદાવાદ.

15th August INDEPENDENCE DAY

## ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

હાર્દિક શુભકામનાઓ...

: શુભેચ્છક :

એડવાન્સ યુથ ડેવલપમેન્ટ કાઉન્સીલ, અમરેલી.
સંચાલિત

15th August INDEPENDENCE DAY

સમન્વય

દિવ્યાંગજનો માટે તાલિમ અને પુનર્વસન કેન્દ્ર
શેર & કેર અમરેલી નાં
તમામ મેમ્બરશ્રીઓ અને શુભેચ્છકશ્રીઓ
સંપર્ક સૂત્ર : ૯૪૨૭૨ ૬૧૧૮૫

## ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

હાર્દિક શુભકામનાઓ...

શુભેચ્છક

ઓકસફર્ડ
સ્કૂલ ઓફ સાયન્સ

:: સંસ્થાના માર્ગદર્શકશ્રીઓ ::

| | |
|---|---|
| ગુરૂવર્યશ્રી એચ.એલ.પટેલ સાહેબ<br>માન.શ્રી પરશોતમભાઈ રૂપાલા<br>(માન.ધારાસભ્ય - રાજકોટ) | મયુર ગજેરા<br>(સંસ્થાના સ્વપ્નદ્રષ્ટા) |
| નિલેશ ગજેરા<br>(ડાયરેક્ટર) | પ્રહલાદ વામજા<br>(કેમ્પસ ડાયરેકટર) |

કેરીયા રોડ, સંજોગ ન્યૂઝની બાજુમાં,અમરેલી. ફોન : 02792-230010/20, મો.: 63529 29855

## ૭૯માં સ્વાતંત્ર્ય દિન

નિમિત્તે

હાર્દિક શુભકામનાઓ...

15th August INDEPENDENCE DAY

અમરેલી જિલ્લા આચાર્ય સંઘ

| | | |
|---|---|---|
| શ્રી મુકુંદભાઈ મહેતા<br>(પ્રમુખ) | શ્રી વિપુલભાઇ વ્યાસ<br>(મહામંત્રી) | શ્રી સુરેશભાઈ હિરપરા<br>(મહામંત્રી) |

કાર્યાલય : સારસ્વત ભુવન, જુના માર્કેટીંગ યાર્ડ શોપીંગ સેન્ટર, ત્રીજા માળે, જિલ્લા પંચાયત સામે, અમરેલી.










*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)